RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 261 Dt. 6-04-2025 Page : 08 Price : Rs 3

આપના મોબાઈલમાં
રાજકોટ મિરર
મેળવવા ઈચ્છો છો?

QR કોડ સ્કેન કરો અને જોડાવ
અમારા whatsapp ગ્રુપમાં

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


International Year of Cooperatives 2025
Cooperatives Build a Better World

IFFCO
पूर्णतः सहकारी स्वामित्व
Wholly owned by Cooperatives

## સહકાર થી સમૃદ્ધિ




**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય પ્રધાનમંત્રી



**શ્રી અમિત શાહ**
માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી



**શ્રી જે પી નડ્ડા**
આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી
અને રસાયણ અને ખાતર મંત્રી



**શ્રી ભૂપેન્દ્ર પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## ઇફ્કો ના માતૃ એકમ અને પ્રથમ યુરિયા કારખાનું સંકુલ કલોલની સુવર્ણ જયંતિ અને બીજ સંશોધન કેન્દ્ર, કલોલ, ગુજરાતનો શિલાન્યાસ સમારોહ

મુખ્ય મહેમાન

## શ્રી અમિત શાહ

માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી

પ્રતિષ્ઠિત મહેમાન

## શ્રી ભૂપેન્દ્ર પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**૬ એપ્રિલ, ૨૦૨૫ | કલોલ, ગુજરાત**







ગૌરવપૂર્ણ હાજરી

**શ્રી રાઘવજીભાઈ પટેલ**
માનનીય કૃષિ મંત્રી, ગુજરાત સરકાર

**શ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ)**
માનનીય સહકાર રાજ્યમંત્રી, ગુજરાત સરકાર

**શ્રી ઠાકોર લક્ષ્મણજી પુંજાજી (બકાજી)**
ધારાસભ્ય, કલોલ વિધાનસભા મતવિસ્તાર, ગાંધીનગર

**શ્રી દિલીપ સંઘાણી**
ચેરમેન, ઇફ્કો

**ડો. ઉદય શંકર અવસ્થી**
મેનેજિંગ ડિરેક્ટર, ઇફ્કો

કલોલ એકમની સફળ કામગીરીના ૫૦ વર્ષ પછી, આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ – ૨૦૨૫ માં ઇફ્કો કલોલ યુરિયા કારખાનું દેશના સહકારી સંસ્થાઓને અને ખેડૂતોને ફરીથી સમર્પિત કરશે.

અરજદાર : **સંદીપ ઘોષ** સિનિયર જનરલ મેનેજર, ઇફ્કો કલોલ એકમ

IFFCO
पूर्णतः सहकारी स्वामित्व
Wholly owned by Cooperatives

**ઇંડિયન ફાર્મર્સ ફર્ટીલાઇઝર કો-ઓપરેટિવ લિમિટેડ,**
ઇફ્કો સદન સી-૧, ડિસ્ટ્રિક્ટ સેન્ટર, સાકેત પ્લેસ, નવી દિલ્હી- ૧૧૦૦૧૭, ભારત www.iffco.in

પજવણી, છેડતી, હવસખોરીના કિસ્સાઓમાં વધુ ચાર બનાવનો ઉમેરો થયોઃ પોલીસની કડક કાર્યવાહી

# એક બાળાને ખેતરમાંથી ઉઠાવીને અને બીજી પર બાથરૂમમાં બળાત્કાર

## પોલીસે બંને ઘટનામાં હવસોખોરોને દબોચી હવસખોરી ઉતારી નાંખીઃ બંને થયા જેલહવાલેઃ ત્રીજા બનાવમાં ઘરમાં ઘુસી સગીરાનું બાવડુ પકડી ધાબે લઇ જઇ છેડતી, ધરાર રિલેશન રાખવા ધમકીઃ ચોથા બનાવમાં રસ્તે જતી પરિણીતાની સરાજાહેર છેડતી થઇ



રાજકોટઃ સગીરાઓ, વિદ્યાર્થીનીઓ, યુવતિઓ અને ક્યારેક પરિણીતાઓને ફસાવી દૂષ્કર્મ આચરવાની ઘટનાઓ બનતી રહે છે. તો ક્યારેક સરાજાહેર છેડતીના બનાવો પણ બને છે. આવી વધુ ચાર ઘટના સામે આવી છે જેમાં સોળ વર્ષની બાળાને ખેતરેથી ઉપાડી અપહરણ કરી બળાત્કાર ગુજારાયો હતો. આ બનાવમાં પોલીસે હવસખોરને પકડી લીધો હતો. બીજા બનાવમાં એક બાળાને બાથરૂમમાં ખેંચી દૂષ્કર્મ આચરાયું હતું. ત્રીજા બનાવમાં સગીરાની ઘરમાં ઘુસીને છેડતી કરવામાં આવી હતી. બાળા વોશરૂમ કરવા બાથરૂમ પાસે ગઇ ત્યારે ઢગાએ તેણીનું બાવડુ પકડી લીધુ હતું અને ધાબા પર લઇ જઇ રિલેશનમાં રહેવા દબાણ કર્યુ હતું. ચોથા બનાવમાં પરિણીતા ચાલીને જતી હતી ત્યારે સરાજાહેર છેડતી કરવામાં આવી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો આ બનાવ ખેડાના તારાપુર તાલુકાના ફતેપુરા વિસ્તારમાં બન્યો છે. અહિ ખેતરમાંથી સગીરાનું અપહરણ કરી અવાર નવાર બળાત્કાર ગુજારવા અંગે પોસ્કો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. ત્યારે આ અંગે ધોળકાના યુવકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી. અમદાવાદ જિલ્લાના ધોળકાની દીવાની કોર્ટ પાસે રહેતો જયેશભાઈ સંજયભાઈ વાઘેલા નામના ચોવીસ વર્ષના શખ્સે બપોરના દોઢેક વાગ્યાના અરસામાં તારાપુર તાલુકાના ફતેપુરા સીમમાં આવેલા ખેતરમાંથી એક સોળ વર્ષની સગીરાને લલચાવી પટાવી ફોસલાવી અપહરણ કરીને લઈ ગયો હતો. બાદમાં જયેશ વાઘેલાએ સગીરા પર અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગે સગીરાની માતાને જાણ થતા તેમણે ગતરોજ તારાપુર પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ અપહરણ અને બળાત્કાર અંગે ફરિયાદ કરતા તારાપુર પોલીસે આરોપી જયેશભાઈ સંજયભાઈ વાઘેલા સામે અપહરણ પોક્સો હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી લેવાઈ હતી અને કાયદાનું ભાન કરાવાયું હતું.

બીજો બનાવ અમદાવાદ નરોડા મેમ્કા વિસ્તારમાં મધરાતે પડોશી યુવક સગીરાના ઘરમાં ઘૂસીને તેની છેડતી કરીને ભાગી ગયો હતો. જેમાં સગીરા વોશરૂમ કરવા બાથરૂમ પાસે ગઇ ત્યારે યુવક ઉભો અને અચાનક પકડી છેડતી કરી હતી. પાંચ મહિના પહેલા પણ યુવકે સગીરાને ધાબા પર જઇને છેડતી કરીને રિલેશનશીપમાં રહેવા દબાણ કર્યુ હતુ. આ બનાવ અંગે શહેરકોટડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. મેમ્કો પાસેની ચાલીમાં રહેતી મહિલાએ શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં પડોશમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલા તેની પંદર વર્ષીય સગીર પુત્રી અને પરિવાર સાથે ઘરમાં બીજા માળે સૂઈ ગઇ ગયા હતા અને મધરાતે સગીરા લઘુશંકા કરવા બાથરૂમ પાસે ગઇ હતી તે સમયે પાડોશી યુવક અચાનક તેની પાસે આવીને તેની છેડતી કરવા લાગ્યો હતો. જેથી સગીરાએ બુમાબુમ કરતા પરિવારજનો ઉઠી જતા યુવક ત્યાંથી નાસી ગયો હતો.

એટલું જ નહી પાંચ મહિના પહેલા પણ યુવક આજ પ્રમાણે ધાબા પર આવીને સગીરાની છેડતી કરી હતી અને રિલેશનશીપમાં રહેવા દબાણ કરતો હતો સગીરાએ ના પાડી હતી. તે સમયે સગીરાના પરિવારજનોએ યુવકના પરિવારજનોને વાત કરતા તેને સમજાવવા છતા હરકતો ચાલુ રાખી હતો. આ અંગે સગીરાની માતાએ યુવક સામે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતાં પોલીસે ગુનો નોંધી વધ તપાસ શરૂ કરી હતી.

ત્રીજો બનાવ ભાવનગર પંથકમાં બન્યો હતો. જિલ્લાના અમરગઢ ગામે એક પરિણીત શખ્સે રસ્તે જતી મહિલાનો હાથ પકડી, બાઇકમાં બેસવા દબાણ કરી, જાહેરમાં છેડતી કરતા મહિલાએ અમરગઢ ગામના શખ્સ વિરૂદ્ધ સોનગઢ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના અમરગઢ ગામે રહેતો હરપાલસિંહ કનકસિંહ ગોહિલ નામના પરિણીત શખ્સે એક મહિલાની છેલ્લા ઘણા સમયથી પીછો કરી,

પરેશાન કરતો હતો જેમાં આજે આ પરિણીત મહિલા પોતાના ઘરેથી હિરા ઘસવા જઇ રહી હતી તે વેળાએ આ હરપાલસિંહ ગોહિલે પરિણીત મહિલાનો પીછો કર્યો હતો અને બાઇકમાં બેસી જવા કહ્યું હતું પરંતુ મહિલાએ તેમ ન કરી, મહિલા રસ્તે ચાલવા માંડી હતી.

આ પછી પણ આરોપીએ ફરી તેની પાછળ બાઇક ભગાડી જાહેરમાં મહિલાનો હાથ પકડ્યો હતો અને બાઇકમાં બેસવાનું દબાણ કરતા મહિલા ગભરાઇ ગઇ હતી અને રસ્તાની બાજુમાં આવેલ મકાનમાં ડરના માર્યા જતી રહી હતી અને બાદમાં આ પરિણીત મહિલાએ આરોપી હરપાલસિંહ કનકસિંહ ગોહિલ વિરૂદ્ધ સોનગઢ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધરપકડ કરી હતી. આમ બળાત્કાર, છેડતીના વધુ ત્રણ કિસ્સા સામે આવતાં પોલીસે કડક કાર્યવાહી કરી હતી.

# ભાજપે શહેરના તમામ વોર્ડ સંગઠનની કરી રચના

## યુવા વર્ગને અપાઈ વધુ તક : સ્થાપના દિનથી ટીમ થશે સક્રિય

રાજકોટ, તા. ૫

સમગ્ર રાજ્યમાં ભાજપ પક્ષ દ્વારા વિવિધ શહેર અને જિલ્લાના પ્રમુખોની વરણી કરવામાં આવી હતી. ત્યાર બાદ સ્થાનિક સંગઠનમાં પણ ઘણા ફેરફાર થયા હતા. ત્યારે ગઈકાલે શહેર ભાજપમાં વોર્ડ સંગઠનની રચના કરવા આવી હતી. જેમાં હવે ૨ મહામંત્રી તથા ૬ ઉપપ્રમુખ અને ૬ મહામંત્રી અને ખજાનચીના નામની જાહેરાત કરવામાં આવી હતી. અગાઉ વોર્ડના પ્રમુખોની નિયુક્તિમાં તમામને 'બદલી' નાખ્યા બાદ શહેર ભાજપ પ્રમુખ તરીકે પણ નવા જનરેશનના ડો. માધવ દવેને જવાબદારી સોંપી છે.

હવે નવા મહાનગર મહામંત્રી સહિતની ટીમ પુર્વે વોર્ડ કક્ષાએ નવા સંગઠન માળખાની થયેલી જાહેરાત થતા જ આજે પક્ષના સ્થાપના દિનના જે સંગઠનાત્મક કાર્યક્રમો જાહેર થયા છે તેમાં આ નવી ટીમ પણ સક્રીય બની જશે. આજે પ્રદેશની મંજુરીથી નવા સંગઠન માળખાની જાહેરાત થઈ છે. તેમાં યુવા ચહેરાઓને સ્થાન અપાયુ છે.આ વર્ષના અંતે જ રાજકોટ મહાપાલિકાની જે ચુંટણીમાં આવી રહી છે તે વળી સંગઠનના નેજા હેઠળ યોજાશે અને તેથી તે દ્રષ્ટીને ધ્યાનમાં રાખીને જ્ઞાતિ જાતિના સંતુલનને પણ જાળવવામાં આવ્યું છે. અનેક વોર્ડમાં જૂના જોગીઓને પુનઃ જવાબદારી સોંપાઈ છે અને તેમના નેજા હેઠળ નવી ટીમ કામ કરશે. આમ મહાનગર કક્ષાએ હવે નવી કેડર સિનીયર બની છે તેમ વોર્ડ કક્ષાએ પણ નવી ટીમ કામ કરશે. હવે શહેર ભાજપના મહામંત્રી સહિતના પદાધિકારીઓમાં પણ નિયુક્તિથી રાજકોટ શહેર ભાજપનુ માળખુ પુરુ થઈ જશે.

# સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવેલા દર્દીએ મસમોટો છરો કાઢ્યો!

## ઈમર્જન્સી વિભાગમાં બનાવઃ અકસ્માતની સારવાર માટે ૧૦૮માં લાવવામાં આવ્યો હતોઃ સિક્યુરીટીએ તુરત છરો કબ્જે કર્યોઃ જો કે દર્દી તક જોઇ છુમંતર થઇ ગયો

રાજકોટઃ શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં જાણે રેઢા પડ હોય તેમ ગમે ત્યારે ગમે તે વ્યક્તિ હથીયાર સાથે ઘુસી જતી હોવાના દાખલા અગાઉ પણ છે.

શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલના ઈમર્જન્સી વિભાગમાં સવારે સાડા આઠેક વાગ્યે એક અજાણ્યા વ્યક્તિ ને ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવેલ. અહિ ૧૦૮ના સ્ટાફ અને સિવિલ હોસ્પિટલના સ્ટાફે સ્ટ્રેચર મારફત તેને ઈમર્જન્સી વોર્ડમાં સારવાર માટે લઇ જતાં આ દર્દીએ ઈમર્જન્સી વિભાગમાં પોતાની પાસે રહેલી મોટી છરી કાઢતાં સ્ટાફમાં ભય ફેલાઇ ગયો હતો. પરંતુ આ વખતે જ સિક્યુરીટીની ટીમ આવી ગઇ હતી અને છરી પડાવી લીધી હતી.

ઈમર્જન્સી વિભાગમાં દર્દીએ છરી કાઢ્યાની જાણ થતાં ત્યાં બહાર જ તૈતાન સિક્યુરીટી ટીમમાં એક્સ-આર્મીમેન હિતેષભાઇ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને તુરત જ છરી ઝૂંટવી લીધી હતી. બીજી તરફ આ દર્દીને અકસ્માતમાં ઈજા થઇ હોઇ જેથી પહેલા તેની સારવાર જરૂરી લાગતાં સિક્યુરીટી ટીમે તેને સારવાર માટે સમય આપ્યો હતો.

આ વખતેં તે તક જોઇ ઈમર્જન્સી વિભાગમાંથી ભાગી ગયો હતો. સિક્યુરીટી ઇન્ચાર્જ દ્વારા કબ્જે થયેલી છરી પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં રજૂ કરવામાં આવી હતી.

દર્દી કોણ હતું? ક્યાંથી તેને લાવવામાં આવ્યું હતું? તેની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ બનાવે સિવિલ હોસ્પિટલ વર્તુળોમાં ભારે ચકચાર જગાવી દીધી હતી.



# શહેરમા ગુંજશે જય શ્રી રામનો નાદ

## ૭ શોભાયાત્રાક્ષી આયોજન

### શાંતિપૂર્ણ માહોલમાં રામનવમીની ઉજવણી થાય તે માટે ૮૦૦ થી વધુ પોલીસ જવાન તૈનાત

રાજકોટ, તા. ૫

ભગવાન રામચંદ્રજી મર્યાદા પુરુષોત્તમ ગણાય છે, જ્યારે કૃષ્ણચંદ્રજી પૂર્ણ પુરુષોત્તમ ગણાય છે. શ્રીરામનો જન્મ ચૈત્ર સુદ નવમીના રોજ થયો હતો તેથી રામનવમીનું માહાત્મ્ય અનેરુ, અનોખું અને અદ્વિતીય છે. રામ નવમી એટલે ભગવાન શ્રીરામના પ્રાદુર્ભાવનો પવિત્ર દિવસ.આ રામ નવમી વ્રતના પ્રારંભે ભાવિક ભક્તો, ઉપાષકો, આરાધકો અને રામાયણના પ્રખર અભ્યાસીઓ શ્રીરામ નામ જપ, રામ નામની માળા, રામ નામનું લેખન, રામનું ભજન-કીર્તન, રામચરિત માનસ રામાયણનું વાચન, રામ પંચાયતન (રામ, લક્ષ્મણ, સીતા, ભરતજી, શત્રુઘ્ન અને હનુમાનજી) નું અર્ચન-પૂજન, ધૂપ-દીપ અને નૈવેદ્ય સમર્પણ વ્રત ચૈત્ર સુદ નોમના ભક્તિભાવથી કરે છે.

રાજકોટ રામનવમીની ઉજવણીને લઈને પોલીસ એકશનમાં આવી છે. શહેરમાં આજે ૬ એપ્રિલના રોજ અલગ અલગ વિસ્તારોમાંથી ૭ જેટલી શોભાયાત્રા નીકળશે. શહેરમાં રામનવમીની દિવસે શોભાયાત્રામાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસે ચુસ્ત બંદોબસ્તની તૈયારી કરી છે. સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ડ્રોનથી નજર રાખવામાં આવશે તેમજ શહેરમાં શાંતિપૂર્ણ માહોલમાં રામનવમીની ઉજવણી થાય તેને લઈને ૮૦૦ થી વધુ પોલીસ જવાન તૈનાત કરવામાં આવશે.શહેર પોલીસ આજે રામનવમીની નીકળનાર ૭ શોભાયાત્રાને લઈને સઘન તૈયારી કરી છે. શહેર પોલીસ દ્વારા હાલમાં ચાલતાં ચૈત્રનવરાત્રિ તેમજ આગામી રામનવમી વિગેરે તહેવારોની ઉજવણીમાં કોઈ ભંગ ના પડે માટે સઘન સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. શહેરમાં તહેવારની ઉજવણીમાં અડચણ ઉભી કરનારા તત્ત્વો સામે ડ્રોનથી બાજ નજર રાખવામાં આવી રહી છે. પોલીસ સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા સંબંધીત ચકાસણી હાથ ધરતા વધુ પોલીસ તૈનાત કરશે.પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા તેમજ અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડિયા, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ,ડીસીપી ઝોન-૧ સજ્જનસિંહ પરમાર,ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાના સુપરવિઝન હેઠળ એસીપી, પી.આઈ,પીએસઆઈ સહીત ૭૦૦ થી વધુ પોલીસ સ્ટાફ તૈનાત રહશે. શહેરમાં સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા ડ્રોનથી ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોનની મદદથી નિરીક્ષણ કરવામાં આવ્યું છે.

રામનવમીના તહેવારને લઈ પોલીસ એક્શન મોડ માં આવી ગઈ છે આજ સવારથી શહેરના અલગ અલગ વિસ્તારમા તેમજ સ્થાનિક પોલીસ ઉપરાંત,ક્રાઈમ બ્રાંચ, એલ.સી.બી., એસ.ઓ.જી. પેરોલ ફર્લો સ્કોડની અલગ-અલગ ટીમોએ બસ સ્ટેશાન, રેલવે સ્ટેશન જેવા વિગેર વિસ્તારોમાં વાહન ચેકીંગ શરૂ કર્યું છે. આજે મોડી રાત સુધી પોલીસ ચેકિંગ ચાલુ રહેશે તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ફૂટ પેટ્રોલિંગ કરશે ફુટ પેટ્રોલીગ તથા વાહન ચેકીંગમાં ડ્રોન કેમેરા, તથા બોડીવોર્ન કેમેરા તથા બ્રેથ એનાલાઇઝરનો ઉપયોગ કરવામાં આવશે.

# રામવનમાં મુલાકાતીઓને વિનામૂલ્યે અપાશે પ્રવેશ

## રામનવમી નિમિત્તે મુલાકાતીઓની બનતી સેવા કરવા પદાધિકારીઓનો નિર્ણય

રાજકોટ મિરર, તા.૫

આજે રામનવમી નિમિતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત અર્બન ફોરેસ્ટ(રામવન)ની મુલાકાત માટે મુલાકાતીઓને નિઃશુલ્ક પ્રવેશ આપવાનું મનપાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને બાગ બગીચા અને ઝૂ સમિતિના ચેરમેન સોનલબેન સેલારાએ જણાવ્યું હતું. શહેરના વોર્ડ નં.૧૫માં આજી ડેમ પાસે, કિશાન ગૌ શાળા રોડ પર મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવન-સંગોને આવરી લેતું સંપૂર્ણ કુદરતી વાતાવરણ ધરાવતું અર્બન ફોરેસ્ટ રામવન આજી ડેમ પાસે વિકસિત કરી, જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવેલ છે. આવતીકાલ તા.૦૬-૦૪-૨૦૨૫ના રોજ રામનવમી નિમિતે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા સંચાલિત અર્બન ફોરેસ્ટ (રામવન)ની મુલાકાત માટે તમામ મુલાકાતીઓને નિઃશુલ્કની પ્રવેશ આપવામાં આવશે.

રામનવમીના પવિત્ર દિવસેમર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવનચરિત્રના પ્રસંગોને આલેખતી વિશાળ પ્રતિમાઓ સહીતના આકર્ષણો દર્શાવતુ અર્બન ફોરેસ્ટ(રામવન)ની તમામ વય જૂથના મુલાકાતીઓને નિઃશુલ્ક પ્રવેશઆપવામાં આવનાર હોઈ, મુલાકાત લેવા માટે મનપાના પદાધિકારીઓએ શહેરીજનોને અનુરોધ કર્યો છે.

આડા સંબંધોનો મોટે ભાગે આવતો હોય છે કરૂણ અંતઃ વધુ એક લાલબત્તી સમાન ઘટના ઘટી

# પત્નિ પ્રેમી પાસે જતી રહેતાં પતિએ પ્રેમીને પતાવી દીધો

## પત્નિ પરત ઘરે આવવા સમજાવી, ન માનતાં લાકડી ફટકારીઃ વચ્ચે તેણીનો પ્રેમી આવતાં તેના પર તૂટી પડ્યોઃ પોલીસે કરી આરોપીની ધરપકડ



હત્યાની બીજી ઘટનામાં મજૂરીના પૈસા માંગતા યુવાનને બે ભાઈઓએ ભીંતમાં માથા અથડાવી, નીચે પછાડી ધૂંબાપાટા મારી મોતને ઘાટ ઉતારી દીધો

રાજકોટઃ આડા સંબંધોનો મોટે ભાગે કરૂણ અને લોહીયાળ અંત આવતો હોય છે. રાજકોટમાં હજુ પરમ દિવસે જ આવા જ કારણોસર મિત્રએ મિત્રને પતાવી દીધો હતો. ત્યાં વધુ એક ઘટના સામે આવી છે જેમાં પતિએ પત્નિના પ્રેમીની લાકડીઓના ફટકા મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. પોલીસે આ હત્યારા પતિને પકડી લીધો હતો. બીજી એક ઘટનામાં મજૂરીના રૂપિયા મામલે માથાકુટ થતાં મજૂર યુવાનને બે ભાઇઓએ ભેળા મળીને દિવાલમાં માથું વારંવાર અથડાવી તેમજ નીચે પછાડી પાટા ધૂંબા મારી હત્યા નીપજાવી હતી.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવઆણંદ જિલ્લાના ખંભાત તાલુકાના નગરા ગામમાં બન્યો છે.અ હિ પતિએ પત્નિના પ્રેમી સાથે તકરાર કરીને તેને લાકડીના ફટકા મારીને મોતને ઘાટ ઉતારી દીધો હોવાની ચોંકાવનારી ઘટના ખંભાત પોલીસ મથકે નોંધાઇ છે. પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધીને આરોપી પતિની ધરપકડ કરીને કાર્યવાહી કરી લીધી છે. આ સમગ્ર બનાવની વિગતો આપતા પોલીસે કહ્યું કે ખંભાતના નગરા ગામમાં રહેતા રમેશ ચૌહાણની પત્નિ મનીષાને છેલ્લાં સાત વર્ષથી તેના ઘર પાસે રહેતા શૈલેષ ચૌહાણ સાથે પ્રેમ સંબધ હતો. જેને લઇને નાની મોટી તકરાર ચાલતી હતી. બીજી તરફ રમેશ કોઇ ખાસ કામ કરતો ન હોવાથી મનીષા રિસાઇને તેના પિયર હાડગુડમાં રહેવા માટે જતી રહી હતી. પંરતુ શૈલેષ ત્યાં જઇને મનીષાને લઇને આવ્યો હતો અને તેને પોતાના ઘરે જ રાખી હતી.

આ બાબતની જાણ થતાં રમેશ કાળઝાળ થઇ ગયો હતો. આથી તે સાંજના સમયે શૈલેષના ઘરે ગયો હતો અને પોતાની પત્નિ મનીષાને ઘરે આવી જવા અને બાળકોનું જીવન ન બગડે તે માટે વાત કરી હતી. તેમ છતાંય મનીષાએ તેની વાત ન માનતા તેણે તેને લાકડી મારી હતી. આ સમયે શૈલેષ વચ્ચે પડયો હતો અને રમેશે ગુસ્સો તેના પર ઠાલવી દઇ આડેધડ લાકડીના ઘા ફટકારતાં પીઠમાં , ગુપ્ત ભાગે ઇજા પહોંચાડતા બેભાન જેવો થઇ ગયો હતો. તેને પેટલાદ લઇ જવાયો હતો. જ્યાં તેનું મોત થતા પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપી પતિની ધરપકડ કરી હતી. આમ આડા સંબંધને કારણે વધુ એકનો જીવ ગયો હતો અને વધુ બે પરિવારના માળા વેરવિખેર થયા હતાં.

હત્યાની બીજી ઘટના જોઇએ તો આ બનાવ ખેડાના કાજીપુરા ગામે બન્યો હતો. અહિ આવેલી ફેક્ટરીમાં રહેતાં શ્રમજીવીઓ વચ્ચે મજૂરીના પૈસા બાબતે થયેલી તકરાર બાદ બે ઇસમો દ્વારા યુવકને ઢોર મારવામાં આવતાં અને તેનું માથું દિવાલમાં તેમજ જમીનમાં પછાડવામાં આવતાં માથાના ભાગે થયેલ ગંભીર ઈજાને કારણે યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ મામલે ખેડા ટાઉન પોલીસે બે ઇસમો વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ કાજીપુર વિસ્તારમાં ગામની સીમમાં ચુન્નુકુમાર ભોલારામ ગજબીરામ પોતાના નાનાભાઈ ત્રેવીસ વર્ષના ટુન્નુરામ તેમજ પોતાના વતન બિહારના અન્ય શ્રમજીવીઓ સાથે રહે છે અને કંપનીમાં લેબર વર્ક કરે છે. સવારના સમયે રૂમમાં સાથે રહેતા મનોગા પાસવાને ભોજન તૈયાર કરતા તમામ લોકો સાથે જમ્યા હતા. બાદમાં ચુન્નુકુમાર અને સંજીવરામ બંને રૂમની બહાર બેઠા હતા તે સમયે રૂમની અંદર બોલાચાલીનો અવાજ આવતાં બંને રૂમમાં દોડ્યા હતા.

આ સમયે ટુન્નુરામ અને સોનુરામ વચ્ચે ઝઘડો ચાલતો હતો. જેથી ચૂન્નુકુમારે ઝઘડા બાબતે પોતાના નાના ભાઈને પૂછતાં તેણે સોનુરામ સાથે મજૂરીના પૈસા બાબતે ઝઘડો થયો હોવાનું કહ્યું હતું. આ સમયે સોનુરામનું ઉપરાણું લઈને સંજીવરામ પણ ટુન્નુરામને માર મારવા લાગ્યો હતો. બંને ભાઈઓએ ટુન્નુરામને પકડી જોરથી તેનું માથું દિવાલમાં અથડાવતાં તે દિવાલમાં પટકાઈને જમીન પર પછડાતા તેને માથાના ભાગે ગંભીર ઈજા થતા લોહી નીકળવા લાગ્યું હતું.

આ સમયે ચુન્નુરામ પોતાના નાના ભાઈને છોડાવવા વચ્ચે પડતાં સંજીવરામ તેને માથાની જમણી બાજુ બોચીની ઉપરના ભાગે જોરથી બચકું ભરી લીધું હતું. દરમિયાન શૌચાલય પાસે ફરીથી સંજીવરામ અને ટુન્નુરામ વચ્ચે માથાકૂટ થતાં આજ તો તેરે કો જિંદા નહીં છોડુંગા, જાન સે માર દુંગા તેમ કહીને સંજીવરામે ભોંયતળિયા ઉપર જોરથી ટૂન્નુરામને પછાડતાં તે બેભાન થઈ ગયો હતો. જેથી ઈજાગ્રસ્ત ટુન્નુરામને સારવાર અર્થે ખસેડ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

સમગ્ર મામલે ચુન્નુરામની ફરિયાદના આધારે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધ્યો છે. મજુરીના પૈસાને લઈને થયેલી તકરાર બાદ ટુન્નુરામને માર મારી તેને મોતને ઘાટ ઉતારનાર બે ઇસમોને પોલીસે ગણતરીના સમયમાં જ ઝડપી પાડ્યા હતા. હાલમાં બંને આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળે પણ તપાસ કરવામાં આવી હતી.



# આજે ભાજપનો ૪૬મો સ્થાપના દિવસ

## ૨૦૨૪ સુધીમાં ભાજપે રાજકીય પાર્ટી તરીકે અનેક સફળતા સાથે દેશમાં પ્રચંડ લોક સમર્થન પ્રાપ્ત કર્યું

રાજકોટ મિરર, તા.૫

આજે ૬ એપ્રિલે ભારતીય જનતા પાર્ટીનો ૪૬મો સ્થાપના દિવસ મનાવવામાં આવી રહ્યો છે. ૬ એપ્રિલ, ૧૯૮૦ ના રોજ જનસંઘમાંથી ભાજપની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૧૯૮૪ ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં ભાજપે રાજકીય પક્ષ તરીકે ઝંપલાવ્યું હતું. આજે ૪૫વર્ષ પૂર્ણ કરી રહેલા ભાજપમાં પાયાના પથ્થર કહી શકાય તેવા મૂળભૂત કાર્યકરો પોતાની જાતને ઉપેક્ષિત માનતા હોય તેવું સામે આવ્યું છે.

વર્ષ ૧૯૮૪ ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં ભાજપે રાજકીય પક્ષ તરીકે રાજકીય કારકિર્દી શરૂ કરી હતી. જેમાં ભાજપને માત્ર બે જ બેઠક મળી હતી. વર્ષ ૧૯૮૦ માં સ્થાપનાથી લઈને આજે ૨૦૨૪ સુધીમાં ભાજપે રાજકીય પાર્ટી તરીકે અનેક સફળતા સાથે દેશમાં પ્રચંડ લોક સમર્થન પ્રાપ્ત કર્યું છે.

છેલ્લા પંદર વર્ષથી દેશમાં નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ સરકાર ચાલી રહી છે. પરંતુ આટલી મોટી સફળતા બાદ પણ આજે પક્ષને ઉભો કરવામાં અને તેની સ્થાપના પાછળ જેમણે પોતાના દિવસ-રાત માત્ર પાર્ટીને આપ્યા હતા, તેવા પક્ષના વરાયેલા અને વરિષ્ઠ કાર્યકર નાખુશ હોવાના આક્ષેપો સંભળાય છે.

૪૫ વર્ષની આ સફરમાં આજે ભાજપ પોતાની વિચારધારાને લઈને પક્ષમાં કામ કરતા કાર્યકર્તાઓ પોતાની જાતને ખૂબ જ ઉપેક્ષિત માની રહ્યા છે. આજે ભાજપમાં અન્ય વિચારધારા અને મુખ્યત્વે કોંગ્રેસમાંથી આવેલા મોટાભાગના કાર્યકરો સરકારમાં પ્રધાન કે પક્ષમાં પદ પર બેઠેલા જોવા મળે છે. જેના કારણે પાર્ટીના અમુક સન્નિષ્ઠ અને સિનિયર કાર્યકર્તાઓ આજે નાખુશ જોવા મળે છે.

કોંગ્રેસ સામે લડાઈ આપવા માટે જનસંઘમાંથી સ્વતંત્ર રાજકીય પક્ષ તરીકે ભાજપની સ્થાપના કરવામાં આવી હતી. પરંતુ આજે આ ભાજપ પક્ષ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર-ોથી ઉભરાઈ રહ્યો હોવાનું કહેવાય છે. જેના કારણે પણ પક્ષના સિનિયર આગેવાનો અને ખાસ કરીને પક્ષને ઉભો કરીને આજે સફળતાની સ્થિતિમાં પહોંચાડ્યો છે તેવા વયોવૃદ્ધ સિનિયર નેતા અને કાર્યકરો આજે પક્ષમાં જ પોતાની જાતને ઉપેક્ષિત માની રહ્યા છે.

ભાજપના સંગઠનમાં પણ ક્યારેય જનસંઘમાં કામ કર્યું નથી એવા લોકો અને અન્ય રાજકીય પાર્ટીમાંથી આવેલા કાર્યકર્તાઓને મહત્વની ભૂમિકા આપવામાં આવતી હોવાના આક્ષેપો થાય છે. ભાજપમાં પણ તેમને કામ કરવાનો અનુભવ આંગળીને વેઢે ગણી શકાય તેટલા વર્ષોનો છે. તેમ છતાં તેઓ આજે ભાજપની સરકાર અને સંગઠનમાં મહત્વના હોદ્દાઓ પર બેઠેલા હોવાના આક્ષેપો થયા છે.


# વકફના નામે કબજે કરેલી જમીનો પાછી લઈશું : યોગી

## આગામી ત્રણ વર્ષમાં UP ગરીબી માંથી થશે દૂર

નવીદિલ્હી, તા. ૫

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે સંસદ દ્વારા પસાર કરાયેલા વકફ સુધારા કાયદા અંગે ભવિષ્યની યોજનાની પણ જાહેરાત કરી. મહારાજગંજમાં યોગીએ કહ્યું કે વકફ બોર્ડના નામે લાખો એકર જમીન પર કબજો કરવાનું કામ કરવામાં આવ્યું હતું. તે થોડા લોકો માટે લૂંટનું સાધન બની ગયું હતું. જે હવે સંપૂર્ણપણે નિયંત્રિત થશે. આ જમીનો પાછી લેવામાં આવશે. હવે કોઈ વક્ફ બોર્ડની જમીન લૂંટી શકશે નહીં. આંતરછેદોની જમીન પર કોઈ કબજો કરી શકશે નહીં. જે પણ જાહેર જમીન હશે તેનો ઉપયોગ શાળાઓ, હોસ્પિટલો, કોલેજો અને મેડિકલ કોલેજો બનાવવા માટે કરવામાં આવશે.

મહારાજગંજના નૌતનવા બ્લોકના રતનપુરમાં ૧૫૦ કરોડના ખર્ચે બનેલા રોહિન બેરેજનું ઉદઘાટન કર્યા પછી સીએમ યોગી લોકોને સંબોધિત કરી રહ્યા હતા. અગાઉની સરકારો પર નિશાન સાધતા તેમણે કહ્યું કે લાંબા વર્ષો સુધી ઉત્તર પ્રદેશની સત્તા સંભાળતી સરકારો પાસે પોતાનું પેટ ભરવાનો પણ સમય નહોતો. મુખ્યમંત્રીએ રૂ. ૧૦૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ પણ કર્યો. ૬૫૦ કરોડ. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે તેઓ આગામી ત્રણ વર્ષમાં યુપીમાંથીગરીબી દૂર કરશે. 'શૂન્ય ગરીબીનું લક્ષ્ય હાંસલ કરીને, આપણે ઉત્તર પ્રદેશને દેશમાં અર્થતંત્રની દ્રષ્ટિએ નંબર વન તરીકે સ્થાપિત કરીશું.' મુખ્યમંત્રીએ કહ્યું કે પહેલાની સરકારો એક જિલ્લો, એક માફિયાને પોષતી હતી, હવે અમે તેમના માફિયાઓને એક જિલ્લો, એક મેડિકલ કોલેજથી બદલી નાખ્યા છે. સીએમ યોગી શનિવારે મહારાજગંજ જિલ્લામાં રોહિન બેરેજનું ઉદઘાટન કરવા અને ૬૫૪ કરોડ રૂપિયાના ૬૨૯ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવા માટે હતા.યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું કે મહારાજગંજ હવે પછાત જિલ્લો રહ્યો નથી. ઉત્તર પ્રદેશ હવે બીમાર રાજ્ય નથી રહ્યું. બિમારુ શબ્દ ૧૯૮૦ના દાયકાના મધ્યમાં વસ્તીશાસ્ત્રી આશિષ બોઝે બનાવ્યો હતો, જે બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ જેવા કેટલાક ગરીબ રાજ્યોના નામના પહેલા અક્ષરો પરથી બનાવવામાં આવ્યો હતો. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી રોહિન બેરેજના ઉદઘાટન માટે મહારાજગંજમાં હતા. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર, તેમણે ૬૫૪ કરોડ રૂપિયાના ૬૨૯ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદઘાટન પણ કર્યું.



# મોટાભાગના નફરતભર્યા ભાષણો ધાર્મિક લઘુમતીઓ વિરુદ્ધ : જસ્ટિસ ઓકા

## આવા ભાષણો ભારતીય દંડ સંહિતા અને જનપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ ગુનો છે, પરંતુ તેને રોકવાનો અસરકારક રસ્તો જનતાને શિક્ષિત કરવાનો છે

નવીદિલ્હી, તા. ૫

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ એ. એસ. ઓકાએ શુક્રવારે જણાવ્યું હતું કે ભારતમાં મોટા-ભાગના નફરતભર્યા ભાષણો ધાર્મિક લઘુમતીઓ અથવા દલિત વર્ગો વિરુદ્ધ હોય છે. તેમણે કહ્યું કે ઘણી વખત રાજકીય નેતાઓ દ્વારા ચૂંટણી લાભ માટે આવા નફરતભર્યા ભાષણો પણ આપવામાં આવે છે. ન્યાયાધીશ ઓકાએ કહ્યું કે આવા ભાષણો ઘણીવાર બહુમતી સમુદાયને લઘુમતીઓ પર હુમલો કરવા અને સામાજિક સુમેળને ખલેલ પહોંચાડવા માટે ઉશ્કેર-વા માટે આપવામાં આવે છે. બાર અને બેન્ચના અહેવાલ મુજબ, ઓકાએ કહ્યું કે ભારતમાં એવા ઘણા કિસ્સાઓ છે જ્યાં ભારતના ધાર્મિક લઘુમતીઓ વિરુદ્ધ નફરતભર્યા ભાષણો આપવામાં આવ્યા છે અને જ્યાં બહુમતીઓને લઘુમતીઓ પર હુમલો કરવા માટે ઉશ્કેરવા માટે ભાષણો આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ભારતમાં મોટાભાગના નફરતભર્યા ભાષણો ધાર્મિક લઘુમતીઓ અને દલિત વર્ગો વિરુદ્ધ હોય છે. જ્યાં વાણી ગુનો બને છે તે શિક્ષાત્મક ભાગ છોડી દો.

આ ભાષણો સામાજિક સમરસતાને બગાડે છે. નફરતભર્યા ભાષણ પાછળ રાજકીય કારણો પણ હોઈ શકે છે અને રાજકીય નેતાઓ ફાયદો મેળવવા માટે આવું કરે છે.


તેમણે કહ્યું કે આવા ભાષણો ભારતીય દંડ સંહિ-તા અને જનપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ ગુનો છે, પરંતુ તેને રોકવાનો અસરકારક રસ્તો જનતાને શિક્ષિત કરવાનો છે. તેમણે કહ્યું કે આપણી પ્રસ્તાવના નાગરિકોને વિવિધ સ્વતંત્રતાઓ આપે છે અને તેમાંથી એક બંધુત્વ છે. બંધારણની પ્રસ્તાવનામાં ભાઈચારો મહત્વપૂર્ણ છે અને જો આપણે લોકોને ભાઈચારો વિશે શિક્ષિત કરી શકીશું, તો દ્વેષપૂર્ણ ભાષણની ઘટનાઓ ઓછી થશે. લોકોને શિક્ષિત કરીને તેમના મનને મજબૂત બનાવી શકાય છે.

જોકે, જસ્ટિસ ઓકાએ એમ પણ કહ્યું કે દ્વેષપૂર્ણ ભાષણને એવી રીતે સજા ન આપવી જોઈએ કે જેનાથી અભિવ્યક્તિની સ્વતંત્રતા પર અંકુશ આવે. આ સંદર્ભમાં, તેમણે તેમના તાજેતરના એક ચુકાદાનો ઉલ્લેખ કર્યો જેમાં તેમણે કહ્યું હતું કે અભિવ્યક્તિની સ્વતંત્રતાનું મૂલ્યાંકન નબળા વ્યક્તિના ધોરણોના આધારે કરી શકાતું નથી પરંતુ તેનું મૂલ્યાંકન હિંમ-તવાન મનના આધારે કરવું જોઈએ. તેમણે કહ્યું કે કોઈ કહી શકે છે કે કેટલાક લોકોએ નફરતભર્યું ભાષણ આપ્યું છે. ફક્ત એટલા માટે કે કેટલાક લોકો એવું વિચારે છે, તે તેને દ્વેષપૂર્ણ ભાષણ નથી બનાવતું. તે વ્યક્તિગત માન્યતાઓ પર આધારિત ન હોઈ શકે અને આમ કરીને તમે અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરશો.

# માર્ચ ૨૦૨૬ સુધીમાં દેશમાં નક્સલવાદનો થશે ખાત્મો

## છત્તીસગઢમાં કેન્દ્રીય ગૃહ મંત્રીએ કરી જાહેરાત

## બસ્તરનો વિકાસ થાય એ જ સરકારની નેમ



નવીદિલ્હી, તા. ૫

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે શનિવારે છત્તીસગઢના દાંતેવાડામાં બસ્તર પાંડુમ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમને સંબોધતા અમિત શાહે કહ્યું કે આજે ચૈત્ર નવરાત્રીની અષ્ટમી છે. હું મા દંતેશ્વરીના આશીર્વાદ લઈને આવ્યો છું, આગ-ામી ચૈત્ર નવરાત્રીમાં અહીંથી લાલ આતંકનો અંત આવે અને આપણું બસ્તર સમૃદ્ધ બને. કાર્યક્રમ પછી, અમિત શાહે ડ પર એક પોસ્ટ પણ પોસ્ટ કરી. તેમની પોસ્ટ બસ્તર-સુકમા પ્રદેશના નિર્ભય બાળપણને દર્શાવે છે. પોતાની પોસ્ટમાં તેમણે કહ્યું, 'બસ્તર-સુકમા પ્રદેશ, જે એક સમયે લાલ આતંક (નક્સલવાદ)નો ગઢ હતો, ત્યાંના ડોંદ્રા પંચાયતમાં, બાળકોને સોલાર પેનલ પર સૂતા અને મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા જોઈને મન આનંદથી ભરાઈ જાય છે.' હું તમારી સાથે આ ચિત્ર શેર કરી રહ્યો છું જે વિકાસ અને વિશ્વાસ દર્શાવે છે. બસ્તર પાંડુમ કાર્યક્રમ તેમણે વધુમાં જણાવ્યું કે આ વર્ષે આપણા છત્તીસગઢમાં બસ્તર પાંડુમ એક તહેવાર તરીકે ઉજવવામાં આવ્યો છે. હું પીએમ મોદીનો સંદેશ લઈને આવ્યો છું કે આવતા વર્ષે આપણે દેશના દરેક આદિવાસી જિલ્લાના કલાકારોને બસ્તર પાંડુમ લાવીશું અને તેને આંતરરાષ્ટ્રીય દરજ્જો આપવા માટે, આપણે દુનિયાભરના રાજદૂતોને બસ્તરના દરેક જિલ્લામાં લઈ જઈશું જેથી આપણી પરંપરાઓને આખી દુનિયામાં ફેલાવી શકાય. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે ૧૨ માર્ચથી ૫ એપ્રિલ સુધીમાં, જિલ્લા વહીવટીતંત્ર અને સંસ્કૃતિ વિભાગે લગભગ ૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ પહેલો આટલો મોટો સાંસ્કૃતિક ઉત્સવ છે. બસ્તરની અમૂલ્ય સંસ્કૃતિ, તેની બોલી, નૃત્ય-ગીત, સંગીતનાં સાધનો, પીણાં અને ખાદ્ય પદાર્થો ફક્ત છત્તીસગઢ માટે જ નહીં પરંતુ સમગ્ર ભારત માટે અમૂલ્ય રત્ન છે. શાહે કહ્યું, હું બધા નક્સલવાદી ભાઈઓને હથિયારો નીચે મૂકવા વિનંતી કરવા આવ્યો છું, તમે બધા આપણા પોતાના છો.

જો કોઈ નક્સલવાદી માર્યો જાય તો કોઈ ખુશ નથી થતું પણ આ વિસ્તારને વિકાસની જરૂર છે. મુખ્યમંત્રી વિષ્ણુ દેવ અને નાયબ મુખ્યમંત્રી વિજય શર્માએ જાહેરાત કરી છે કે જે ગામ નક્સલીઓ શર-ણાગતિ સ્વીકારશે તેને નક્સલમુક્ત જાહેર કરવામાં આવશે અને વિકાસ ભંડોળ તરીકે ૧ કરોડ રૂપિયા આપવામાં આવશે. તેમણે કહ્યું કે આપણા આદિવ-ાસી નેતાઓને સન્માન આપવાનું કામ આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું છે. આગલી વખતે જ્યારે બસ્તર પંડુમ રાષ્ટ્રીય સ્તરે ઉજવવામાં આવશે, ત્યારે હું અને મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ રાષ્ટ્રપતિને તેના ઉદઘાટન સમારોહમાં વ્યક્તિગત રીતે હાજરી આપવા અને આપણા આદિવાસી ભાઈઓને પ્રોત્સાહિત કરવા વિનંતી કરીશું. શાહે વધુમાં કહ્યું કે વિકાસનો અર્થ એ છે કે સુકમાથી કોઈ સબ-ઈન્સ્પેક્ટર બને, બસ્તરથી કોઈ બેરિસ્ટર બને, દાંતેવાડાથી કોઈ ડોક્ટર બને અને કાંકેરથી કોઈ કલેક્ટર બને. આપણે આવું બસ્તર બનાવવું પડશે.

# મિત્ર વિભૂષણ તરીકે PM મોદીનું સ્વાગત

## શ્રીલંકાના વડાપ્રધાને ભારત સાથે અનેકવિધ ક્ષેત્રે કર્યા કરાર : એવોર્ડ મળતા જ વડાપ્રધાને કહ્યું આ મારા નહીં ૧૪૦ કરોડ ભારતીયોનો એવોર્ડ

નવીદિલ્હી, તા. ૫

શ્રીલંકાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'મિત્ર વિભૂષણ' મેડલથી સન્માનિત કર્યા છે. બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો સુધારવા અને તેમના સહિયારા સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહન આપવા બદલ શ્રીલંકા સરકારે પીએમ મોદીને સન્મ-ાનિત કર્યા છે. અત્યાર સુધીમાં પીએમ મોદીને વિદેશમાંથી ૨૨ આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા છે. આ મેડલમાં બનેલું ધર્મ ચક્ર બૌદ્ધ વારસા તરફ નિર્દેશ કરે છે. ભારત અને શ્રીલંકા વચ્ચે સદીઓ જૂના સાંસ્કૃતિક સંબંધો છે. આ એવોર્ડ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે છેલ્લા કેટલાક વર્ષોથી શ્રીલંકાનો ઝુકાવ ચીન તરફ જોવા મળી રહ્યો હતો. ચીન શ્રીલંકામાં પગપેસારો કરવા માટે ઘણા વર્ષોથી સ્પર્ધા કરી રહ્યું છે. તે જ સમયે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની શ્રીલંકાની મુલાકાત અને તેમને મિત્ર વિભૂષણથી સન્માનિત કરવામાં આવવું એ સંકેત છે કે શ્રીલંકા, તેની જૂની નીતિ મુજબ, ફક્ત ભારતને જ મહત્વ આપવા માંગે છે.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમા-રા દિસાનાયકેએ પીએમ મોદીને 'મિત્ર વિભૂષણાય' એવોર્ડથી સન્માનિત કર્યા. પીએમ મોદીએ આ પ્રસંગે કહ્યું કે, આ એવોર્ડ ફક્ત મારા માટે નથી પરંતુ ૧૪૦ કરોડ દેશવાસીઓ માટે સન્માનની વાત છે. તે શ્રીલંકા અને ભારત વચ્ચેની ઊંડી મિત્રતા અને ઐતિહાસિક સંબંધો દર્શાવે છે. જ્યારે દિસાનાયકે કહ્યું કે, ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધો હંમેશા ગાઢ રહ્યા છે. આપણી વચ્ચે ધાર્મિક અને સાંસ્કૃતિક સંબંધો છે. તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ સન્માનના હકદાર છે. 'મિત્ર વિભૂષણ' મેડલ પર ફરીથી એક ફૂલદાની છે. આ ઉપરાંત, તેના પર ડાંગરના પાન જોઈ શકાય છે જે સમૃદ્ધિનું પ્રતીક છે. આ ઉપરાંત તેના પર નવ રત્નો બનાવવામાં આવ્યા છે. આ મેડલ પર ચંદ્ર અને સૂર્ય કોતરેલા છે, જે બંને દેશો વચ્ચેના સંબંધોના ઇતિહાસનો સંકેત આપે છે. આનો અર્થ એ થયો કે બંને દેશો વચ્ચેના સંબંધો પ્રાચીન સમયથી આજ સુધી અને ભવિષ્યમાં લાંબા સમય સુધી સૌહાર્દપૂર્ણ રહેશે.

પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ દિસાનાયકે વચ્ચેની વાતચીત બાદ ભારત અને શ્રીલંકાએ ત્રિંકોમાલીને ઉર્જા કેન્દ્ર તરીકે વિકસાવવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા. આ ઉપરાંત, ભારત અને શ્રીલંકા વચ્ચે શ્રીલંકાને બહુ-ક્ષેત્રીય ગ્રાન્ટ સહાય પર એક કરાર થયો હતો. બંને દેશોએ સંરક્ષણ સહયોગ કરાર પર પણ હસ્તાક્ષર કર્યા છે. પ્રધાનમંત્રી મોદી અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ દિસાનાયકે વર્ચ્યુઅલી સંપુર સોલાર પાવર પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું. શ્રીલંકાના રાષ્ટ્રપતિ દિસ-ાનાયકે મોદીને ખાતરી આપી હતી કે શ્રીલંકા ભારતના સુરક્ષા હિતો વિરુદ્ધ પગલાં લેવા માટે તેના પ્રદેશનો ઉપયોગ થવા દેશે નહીં.

પીએમ મોદી ૧૦ વર્ષમાં ચાર વખત શ્રીલંકાની મુલાકાતે આવ્યા તેના ઘણા કારણો છે. સૌ પ્રથમ, શ્રીલંકા આપણો જૂનો પાડોશી અને મિત્ર દેશ છે. પડોશી પ્રથમ ભારતની નીતિ રહી છે. એટલા માટે અમે અમારા પડોશીઓના ઘરે જતા રહીએ છીએ. બીજું કારણ તેની ભૌગોલિક સ્થિતિ છે અને ત્રીજું કારણ ચીનની નજર છે. અને આ સૌથી મોટું કારણ છે. પીએમ મોદીએ ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૫માં શ્રીલંકાની ચાર મુલાકાત લીધી હતી.




### ચીન વાસ્તવિક લક્ષ્ય

છેલ્લા કેટલાક વર્ષોમાં, શ્રીલંકાએ ભારતને ચારે બાજુથી ઘેરી લેવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે. એક તરફ તેણે નેપાળને તેના દેવાના જાળમાં ફસાવ્યું. બીજી તરફ, શ્રીલંકાને પણ કટોકટીમાંથી ઉગારવાના વચનથી લલચાવવામાં આવ્યું હતું. હાલમાં ચીન બાંગ્લાદેશને પોતાનો શિષ્ય બનાવી રહ્યું છે. પાકિસ્તાન તેમનો શાશ્વત શિષ્ય છે. ભારત હવે ચીનની દરેક ચાલથી વાકેફ છે. ચીને બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ હેઠળ શ્રીલંકામાં હંબનટોટા પોર્ટ અને કોલંબો પોર્ટ સિટી જેવા પ્રોજેક્ટ્સમાં ભારે રોકાણ કર્યું છે. આ બધું પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવાનું બહાનું છે. ૨૦૧૪ માં કોલંબોમાં ચીની સબમરીનના સ્ટોપઓવર અને ૨૦૨૨ માં જાસૂસી જહાજ યુઆન વાંગ ૫ ના આગમનથી ભારત માટે ચિંતા વધી ગઈ છે. શ્રીલંકાના ૨૦૨૨ના દેવા સંકટથી પણ ચીનનો પ્રભાવ વધ્યો, જ્યારે તેણે હંબનટોટા પર ૯૯ વર્ષના લીઝ પર લીધો.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# રાહુ'ની મહાદશા

## વકફ મુદ્દોઃ કોંગ્રેસ માટે બાવાના બેય બગડીયા




વકફ મામલે ઘણા લઘુમતી નેતાઓને અપચો થયો છે. મોદી સરકાર હિંમત દાખવીને બંને ગૃહોમાંથી ખરડો પસાર કરાવીને પોતાની તાકાત વધારી છે. આ પગલાં ને રાજકીય સમીક્ષકો વિચારધારા પ્રમાણેનું મહત્વનું પગલું ગણાવે છે. રામમંદિર, ત્રણ તલાક, કલમ-૩૭૦ બાદ વકફ મુદ્દો પણ વટથી ઉકેલી નાખ્યો છે.

રાજકીય વિશ્લેષકો માને છે કે, પોતાના પરંપરાગત મત જૂથોમાં ભાજપ ખૂબ મજબૂત બની ગયો છે. મતદારોનો વિશ્વાસ મોદી સરકાર સાથે દ્રઢ બન્યો છે. કોઈપણ મુદ્દામાં દરેક રાજકીય પક્ષો પોતાના મતજૂથોને નજરમાં રાખીને સક્રિય હોય છે.

વકફ મુદ્દે વિપક્ષોએ પણ પોતાની વોટબેંક મજબૂત કરવા ગૃહમાં ચર્ચા દરમિયાન આકરા પ્રવચનો કર્યા હતા. સમગ્ર ચર્ચામાં કોંગ્રેસનું વલણ સાવ વિચિત્ર રહ્યું છે. કોંગ્રેસના મુખ્ય બે ચહેરામાં રાહુલ ગાંધીએ ભાષણ ન આપ્યું અને પક્ષનો વ્હીપ છતાં પ્રિયંકા ગાંધી હાજર જ ન રહ્યા. કમાલ એ છે કે, રાહુલની ગૃહની બહાર આવીને મીડિયા સમક્ષ ખરડાનો વિરોધ કરતા રહ્યા, પણ ગૃહમાં સત્તાવાર વિચારો રજૂ ન કર્યા !

આ અંગે કોંગ્રેસના વર્તુળો કહે છે કે, કોંગ્રેસની છાપ હિન્દુ વિરોધી પાર્ટીની બની ગઈ છે. આ છાપ દૂર કરવાના ભાગરૂપે રાહુલ- પ્રિયંકા વધારે કંઈ બોલ્યા નહીં. જોકે કોંગ્રેસના અન્ય નેતાઓ ખરડાનો બેફામ વિરોધ કરતા રહ્યા.

રાહુલ- પ્રિયંકાના આવા નિર્ણયથી હિન્દુ મતદારોમાં શું ફેર પડ્યો એ તો ભગવાન જ જાણે, પરંતુ લઘુમતી નેતાઓ અને સંસ્થાઓએ કોંગ્રેસ પ્રત્યે ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી છે.

ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગે જણાવ્યું કે, વકફ ખરડા જેવા અતિગંભીર મુદ્દા ચાલતા હોય ત્યારે પ્રિયંકા ગાંધી ઉપસ્થિત પણ ન રહે એ કાળો ડાઘ ગણાય. કેરલમાં મત લેતી વખતે રાહુલ પ્રિયંકાએ વચનો આપ્યા હતા, પરંતુ વકફ ખરડાનો વિરોધ પણ ન કર્યો. આ અમારા પર વિશ્વાસઘાત છે. દેશભરમાંથી અનેક મુસ્લિમ નેતાઓએ કોંગ્રેસના વલણ સામે નારાજગી દર્શાવી છે.

ઘણા કોંગીજનો પણ આશ્ચર્ય વ્યક્ત કરે છે કે લઘુમતી પરંપરા વોટબેંક છે, જે હજુ થોડી કોંગ્રેસ તરફી છે. રાહુલ ગાંધીનું વલણ આ વોટબેંક પણ ગુમાવવી પડે તેવું છે. બીજી તરફ બહુમતી વિરાટ વોટબેંક કોંગ્રેસ તરફ આકર્ષાઈ તેવું પણ આયોજન પક્ષ પાસે નથી. વિચારધારા મામલે કોંગ્રેસ હજુ અનિર્ણાયક છે, આ કારણે પક્ષ વધારેમાં વધારે નબળો પડતો જાય છે. છેલ્લા પંદરેક વર્ષથી કોંગ્રેસમાં રાહુલ ગાંધી પાવર સાથે સક્રિય છે. આ ગાળાથી કોંગ્રેસની દશા જુઓ તો રાહુલ રાહુની મહાદશા જેવા સાબિત થયા છે. પ્રિયંકા પર પક્ષને આશા હતી, પણ ખરા સમયે લડવા માટે મેદાનમાં જ ન આવ્યા!

" પ્રેમભક્તિના હસ્તાંક્ષરે "
ભૂલ એ જીવનનું એક પાનું છે,
પણ સંબંધ એ આખું પુસ્તક છે.
જરૂર પડ્યે ભૂલનું પાનું ફાડી નાખજો,
પણ એક પાના માટે આખું પુસ્તક ક્યારેય નહીં ફાડતા.




પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# હસીનાને ભારતમાં ''ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ'' કરવાથી રોકે

## યુનુસની ટિપ્પણીઓ સાથે, ઢાકા ઉત્તરપૂર્વ ભારતમાં પ્રવેશ પર પોતાનો પ્રભાવ સ્થાપિત કરી રહ્યું હોવાનું માનવામાં આવે છે

નવીદિલ્હી, તા. ૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસ સાથે મુલાકાત કરી, જે દરમિયાન બંને નેતાઓએ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરી. આ બેઠક BIMSTEC (બે ઓફ બંગાળ ઈનિશિયેટિવ ફોર મલ્ટી-સેક્ટરલ ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન) સમિટની બાજુમાં થઈ હતી, જેના માટે પ્રધાનમંત્રી મોદી થાઈલેન્ડના બેંગકોકમાં છે. ઓગસ્ટ ૨૦૨૪ માં તત્કાલીન બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા પછી આ બંને નેતાઓની પહેલી મુલાકાત હતી. હસીના હવે દિલ્હીમાં દેશનિકાલમાં રહેતી હોવાનું માનવામાં આવે છે.

આ બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ પણ હાજર રહ્યા હતા. ગુરુવારે પણ, બંને નેતાઓ BIMSTEC બ્લોકના અન્ય નેતાઓ સાથે બેંગકોકમાં જોવા મળ્યા હતા, પરંતુ પડોશી દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ આવ્યા પછી દ્વિપક્ષીય બેઠક પહેલીવાર થઈ હતી. હસીનાને ભારતની વિશ્વસનીય અને વિશ્વસનીય મિત્ર માનવામાં આવતી હતી, પરંતુ તેમને પદ પરથી હટાવ્યા પછી, ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ બન્યા છે. દિલ્હીની ચિંતા દક્ષિણ એશિયાઈ દેશમાં લઘુમતીઓને નિશાન બનાવતી હિંસા અને કટ્ટરપંથી ઈસ્લામિક દળોના ઉદય અંગે છે. યુનુસે મોદીને વિનંતી કરી કે તેઓ હસીનાને ભારતમાં તેમના રોકાણ દરમિયાન ''ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ'' કરવાથી રોકે. યુનુસે કહ્યું કે તેમણે ''બાંગ્લાદેશની વચગાળાની સરકાર સામે વારંવાર ખોટા અને ઉશ્કેરણીજનક આરોપો લગાવ્યા છે.'' ભારતના વિદેશ સચિવ વિક્રમ મિશ્રીના જણાવ્યા અનુસાર, જવાબમાં, મોદીએ યુનુસને ''વાતાવરણને બગાડી શકે તેવા કોઈપણ નિવેદનોથી દૂર રહેવા'' કહ્યું અને ''લોકશાહી, શાંતિપૂર્ણ, પ્રગતિશીલ અને સમાવિષ્ટ બાંગ્લાદેશ'' માટે સમર્થન વ્યક્ત કર્યું. યુનુસના પ્રેસ સેક્રેટરી શફીકુલ આલમના જણાવ્યા અનુસાર, બાંગ્લાદેશે બંને નેતાઓ વચ્ચેની ૪૦ મિનિટની બેઠકને ''ખૂબ જ રચનાત્મક અને ફળદાયી'' ગણાવી હતી અને પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.ભારત માટે, પશ્ચિમ બંગાળમાં 'ચિકન નેક' કોરિડોર દ્વારા પૂર્વોત્તર રાજ્યોમાં પ્રવેશ અને ત્યાંથી આર્થિક અને વ્યૂહાત્મક બંને રીતે એક પડકાર રહ્યો છે. છેલ્લા દોઢ દાયકાથી, દિલ્હીના ઢાકા સાથેના સંબંધોમાં આ એક મુખ્ય તત્વ રહ્યું છે કારણ કે તેણે ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના નેતૃત્વ હેઠળની પાછલી સરકાર સાથે બાંગ્લાદેશને બાયપાસ કરવાના રસ્તાઓ પર કામ કર્યું હતું. યુનુસની ટિપ્પણીઓ સાથે, ઢાકા ઉત્તરપૂર્વ ભારતમાં પ્રવેશ પર પોતાનો પ્રભાવ સ્થાપિત કરી રહ્યું હોવાનું માનવામાં આવે છે, જે દિલ્હી માટે ચિંતાનો વિષય છે. બેઈજિંગને નવો ભાગીદાર બનાવવાની તેમની કોશિશ પહેલાથી જ તણાવગ્રસ્ત ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં જટિલતાનો સ્તર ઉમેરે છે. જયશંકરનો પ્રતિભાવ એ સંદર્ભને પ્રતિબિંબિત કરે છે કે ભારત સહયોગ માટે પ્રાદેશિક કેન્દ્ર છે. ઓગસ્ટ ૨૦૨૪ માં હસીનાની હકાલપટ્ટી બાદ યુનુસના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર સત્તામાં આવી ત્યારથી




# જસ્ટિસ યશવંત વર્માએ અલ્લહાબાદ હાઈકોર્ટમાં જજ તરીકે લીધા શપથ

## ન્યાયાધીશ વર્મા અલ્હાબાદ હાઈકોર્ટમાં ન્યાયિક કાર્ય કરશે નહીં, સુપ્રીમ કોર્ટે તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી તેમના ન્યાયિક કાર્ય પર રોક લગાવી દીધી છે

નવીદિલ્હી, તા. ૫

રોકડ કૌભાંડના આરોપોથી ઘેરાયેલા જસ્ટિસ યશવંત વર્માએ અલ્હાબાદ હાઈકોર્ટમાં જસ્ટિસ તરીકે શપથ લીધા છે. જસ્ટિસ યશવંત વર્માએ ચીફ જસ્ટિસના ચેમ્બરમાં શપથ લીધા હતા. અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અરુણ ભસાલીએ યશવંત વર્માને શપથ લેવડાવ્યા. ન્યાયાધીશોનો શપથ ગ્રહણ સમારોહ સામાન્ય રીતે મુખ્ય ન્યાયાધીશના કોર્ટ રૂમમાં થાય છે, જેમાં હાઈકોર્ટના તમામ ન્યાયાધીશો અને વરિષ્ઠ વકીલોને આમંત્રિત કરવામાં આવે છે. જોકે, વિવાદોને કારણે, જસ્ટિસ યશવંત વર્માએ મુખ્ય ન્યાયાધીશના ચેમ્બરમાં શપથ લીધા હતા. રોકડ કૌભાંડના આરોપોથી ઘેરાયેલા બાદ, સુપ્રીમ કોર્ટ કોલેજિયમે જસ્ટિસ યશવંત વર્માને અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની ભલામણ કરી હતી. કેન્દ્ર સરકારે ૨૮ માર્ચે કોલેજિયમની ભલામણને મંજૂરી આપી હતી.

શપથ ગ્રહણ કર્યા પછી, જસ્ટિસ યશવંત વર્માનું નામ અલ્હાબાદ હાઈકોર્ટની સત્તાવાર વેબસાઈટ પર પણ અપલોડ કરવામાં આવ્યું છે. તેઓ અલ્હાબાદ હાઈકોર્ટની સિનિયોરિટી યાદીમાં ૯મા ક્રમે છે. ૯મા નંબર પર હોવાથી, તે કોઈ વહીવટી કાર્ય કરી શકશે નહીં. જોકે, જસ્ટિસ યશવંત વર્મા અલ્હાબાદ હાઈકોર્ટમાં ન્યાયિક કાર્ય કરશે નહીં, સુપ્રીમ કોર્ટે તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી તેમના ન્યાયિક કાર્ય પર રોક લગાવી દીધી છે. અગાઉ, અલ્હાબાદ હાઈકોર્ટના વકીલોએ જસ્ટિસ યશવંત વર્માની બદલીનો વિરોધ કર્યો હતો, જોકે, તેમણે તેમની હડતાળ પાછી ખેંચી લીધી હતી. અલ્હાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશનની કારોબારીની બેઠકમાં હડતાળ સમાપ્ત કરીને કામ પર પાછા ફરવાનો નિર્ણય લેવામાં આવ્યો. જસ્ટિસ યશવંત વર્માને ન્યાયિક કાર્ય કરવાથી રોકવામાં આવ્યા બાદ વકીલોની આ હડતાળ મુલતવી રાખવામાં આવી હતી. આંદોલનના ભાગરૂપે, અલ્હાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશન ૨૬ અને ૨૭ એપ્રિલના રોજ પ્રયાગરાજમાં રાષ્ટ્રીય સ્તરનું પરિષદનું આયોજન કરશે.



અલ્હાબાદ હાઈકોર્ટની સત્તાવાર વેબસાઈટ પર જસ્ટિસ યશવંત વર્માનું નામ પણ સાતમા સ્થાને અપલોડ કરવામાં આવ્યું હતું. અગાઉ, અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચમાં એક પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી, જેમાં હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને જસ્ટિસ યશવંત વર્માને શપથ લેવડાવવાથી રોકવાનો નિર્દેશ આપવાની અપીલ કરવામાં આવી હતી. જસ્ટિસ વર્મા તેમના સત્તાવાર પરિસરમાં ગેરકાયદેસર રોકડ ચલણ મળી આવ્યાના આરોપો પર ભારતના મુખ્ય ન્યાયાધીશ દ્વારા રચિત ૩ ન્યાયાધીશોની પેનલ દ્વારા આંતરિક તપાસનો સામનો કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે અલ્હાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશનના વિરોધ છતાં ટ્રાન્સફરનો આદેશ આવ્યો હતો. મૂળ અલ્હાબાદ હાઈકોર્ટના જજ જસ્ટિસ વર્માને ૨૦૨૧માં દિલ્હી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ૨૧ માર્ચે તેમના સત્તાવાર બંગલાની બહાર એક વેરહાઉસમાં આગ લાગ્યા બાદ રોકડની બોરીઓ મળી આવી હોવાના અહેવાલો સામે આવ્યા બાદ જસ્ટિસ વર્મા વિવાદના કેન્દ્રમાં આવ્યા હતા.

# વકફ મિલકતોમાં હજુ ૭૩,૦૦૦થી વધુ વિવાદિત

## ડેટાબેઝ મુજબ, ૮.૮ લાખ વકફ મિલકતો છે - જેમાં ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ વકફ મિલકતો છે, જેમાં સુન્ની અને શિયા બોર્ડ પાસે ૨.૪ લાખ વકફ મિલકતો છે

નવીદિલ્હી, તા. ,૫

સંસદ દ્વારા લોકસભા અને રાજ્યસભા બંનેમાં સંપૂર્ણ બહુમતી સાથે વકફ (સુધારા) બિલ પસાર થયા પછી, લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા સંકલિત ડેટા દર્શાવે છે કે ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલી કુલ ૮.૮ લાખ વકફ મિલકતોમાંથી ૭૩,૦૦૦ થી વધુ વિવાદિત છે અને બિલ હેઠળની નવી જોગવાઈઓથી પ્રભાવિત થઈ શકે છે. વકફ એ ખાનગી મિલકત છે જે મુસ્લિમો દ્વારા ચોક્કસ હેતુ માટે અલગ રાખવામાં આવે છે - ધાર્મિક, સખાવતી અથવા ખાનગી હેતુઓ માટે. મિલકતના લાભાર્થીઓ અલગ અલગ હોઈ શકે છે, પરંતુ મિલકતની માલિકી ભગવાન પાસે હોવાનું માનવામાં આવે છે.

કેન્દ્ર સરકાર દ્વારા જાળવવામાં આવતો વકફ એસેટ્સ મેનેજમેન્ટ સિસ્ટમ ઓફ ઈન્ડિયા (WAMSI) ડેટાબેઝ, તમામ વકફ મિલકતો, તેમના પ્રકારો, સંચાલન અને વર્તમાન સ્થિતિનો રેકોર્ડ રાખે છે. આ ડેટાબેઝ મુજબ, ૮.૮ લાખ વકફ મિલકતો છે - જેમાં ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ વકફ મિલકતો છે, જેમાં સુન્ની અને શિયા બોર્ડ પાસે ૨.૪ લાખ વકફ મિલકતો છે. ઉત્તર પ્રદેશ પછી, પશ્ચિમ બંગાળ (૮૦,૪૮૦), પંજાબ (૭૫,૫૧૧), તમિલનાડુ (૬૬,૦૯૨) અને કર્ણાટક (૬૫,૨૪૨) માં વકફ મિલકતોની સંખ્યા સૌથી વધુ છે. ઉત્તર પ્રદેશ સિવાય બિહાર એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં અલગ-અલગ સુન્ની અને શિયા બોર્ડ છે; અન્ય તમામ રાજ્યોમાં સંકલિત વકફ બોર્ડ છે.

WAMSI ડેટાબેઝ મુજબ, અતિક્રમણ, મુકદ્દમા અથવા અલાયદીકરણ હેઠળ વર્ગીકૃત કરાયેલી મિલકતો હાલમાં વિવાદ હેઠળ છે. મુકદ્દમા હેઠળની મિલકતો બે પ્રકારની હોય છે - વ્યક્તિઓને સંડોવતા દીવાની દાવાઓ સાથે સંકળાયેલ બાહ્ય મુકદ્દમા, અથવા વકફ બોર્ડની અંદરના વિવાદો સાથે સંકળાયેલ આંતરિક મુકદ્દમા. એલિયનેટેડ પ્રોપર્ટીઝ એવી હોય છે જે માલિકો દ્વારા ''ગેરકાયદેસર'' ટ્રાન્સફરમાં સામેલ હોય છે અને સિવિલ દાવાઓને પાત્ર હોય છે. અતિક્રમણ કરાયેલી મિલકતો એવી છે જેના પર સરકાર દાવો કરી શકે છે કે તે તેની જમીન પર બનેલી છે અને તેથી ટ્રિબ્યુનલ દ્વારા વિવાદના નિરાકરણ માટે ખુલ્લી છે અથવા, પ્રસ્તાવિત બિલ હેઠળ, જિલ્લા ન્યાયાધીશ અને સંયુક્ત સચિવના દરજ્જાના રાજ્ય સરકારના અધિકારીનો સમાવેશ કરતી ટ્રિબ્યુનલ.

શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## સમગ્ર વિશ્વની અશાંતિ દૂર કરવાનો એક માત્ર વિકલ્પ, એટલે જન માનસમાં રામત્વનો જય ઘોષ!



આજે ચૈત્રની નોમે મા નવદુર્ગાના નવમા સ્વરૂપ મા સિદ્ધિદાત્રીને નમીએ. હવે તો અયોધ્યામાં રામ લલ્લાના મંદિરમાં રામ જન્મોત્સવનો બહુ મોટો ઉત્સવ થશે! રામ નવમી છે, અને જન્મોત્સવ ઉજવાય એ બહુ સારી વાત છે, પણ અંતરમાં રામ તત્વનો જન્મ થવો એ પણ એટલું જ અનિવાર્ય છે. પણ સાચે જ એ સત્ય સ્વરૂપ રામની અનૂભૂતિ કરવા શું કરવું જોઈએ? એ વિચારવું રહ્યું! સિદ્ધિદાત્રીનાં આશિષથી સહસ્ત્રાર ચક્રની કલ્પના પણ આલાદક છે, અને જો ત્યાં સુધી શક્તિ પ્રવાહને ખેંચી શકાય તો બહુ સારું છે, પરંતુ આપણી માટે સ્વ થી સર્વ સુધીની યાત્રા એટલે કે બ્રહ્મની વ્યાપકતાનું જ્ઞાન થવું, અને સર્વ માટે સંવેદનશીલ બનવું એ જ સહસ્ત્રારની ફલશ્રુતિ છે. સમર્થ સદગુરુના વરદ હસ્તનો સ્પર્શ થાય તો આ કામ આસાન બને. શાસ્ત્રમાં આજ્ઞાચક્ર અને સહસ્ત્રાર ચક્રની વચ્ચે હજી એક ચક્ર બતાવ્યું છે, અને એનું નામ જ ગુરુચક્ર છે!: અને ત્યાં ધ્યાન કરવાથી ગુરુના ચરણ દેખાય છે! દરેક જગ્યાએ બીજ મંત્ર છે, જ્યારે આ ચક્રમાં ચરણ દેખાડવાનું શું પ્રયોજન હોઈ શકે! માત્ર ને માત્ર એક જ વાત અહીં સાબિત થાય છે, કે ગુરુએ દેખાડેલા માર્ગ પર ચાલીને જ સહસ્ત્રાચક્ર સુધી પહોંચી શકાય, અને એમાં બીજ મંત્ર તરીકે ગુરુએ આપેલ મંત્રનો પ્રયોગ કરવો. ગાયત્રી ઉપાસક મારા સદગુરુ ભગવાન પંડિત શ્રી રામ શર્મા આચાર્યજી એ પણ કુંડલીની જાગરણ વિશે ઘણું લખ્યું છે, અને એમણે આ સુષુમ્ણા નાડી પણ ત્રણ સ્તર ધરાવે છે, એ વાતની પુષ્ટિ કરતાં કહ્યું હતું કે, અંદર બ્રહ્મનાડી છે, જેમાંથી બ્રહ્મ સહસ્ત્રાર પર પહોંચીને પોતાનું વ્યાપક સ્વરૂપ ધારણ કરે, ત્યારે સક્રિય સહસ્ત્રાર એક જાગૃતિની મશાલ જેવું કામ કરે છે, અને એને શેષનાગની ફેણ તરીકે પણ સરખાવાયુ છે,કે જ્યાં આગળ શેષનાગની ફેણ પર પૃથ્વી છે, અને આ પૃથ્વી પરના ક્ષીર સાગરમાં ભગવાન વિષ્ણુ આરામ ફરમાવી રહ્યા છે. સમસ્ત બ્રહ્માંડમાં આવા કેટલાયે ઋષિમુનિઓને સિદ્ધ શુદ્ધ મહાપુરુષો હશે કે જેમણે પોતાની સહસ્ત્રાર શક્તિને જાગૃત કરી હશે અને એ સમસ્ત ચેતનાઓ બ્રહ્મ બની સૃષ્ટિનું સંચાલન કરતા હશે! તો જ ક્ષીરસાગરમાં પરમાત્મા આરામ ફરમાવી શકે. સદગુરુદેવે અજગરનું ઉદાહરણ ટાંકીને લખ્યું છે, કે જેમ આકાશમાં ઉડતાં પંખીઓને અજગર જમીન પર સુતા સુતા જ મુખ ખોલી લપેટમાં લેતો હોય છે, બસ એ જ રીતે આવી જાગૃત શક્તિ, પ્રકૃતિની કે અવકાશી સિદ્ધિઓ પણ ગ્રહણ કરતા હોય. જોકે આપણી માટે આ બધું કલ્પનાતિત છે, પણ બ્રહ્મ એટલે જ પરમાત્મા, પરમાત્મા એટલે ઈશ્વર, ઈશ્વર એટલે જ સત્ય અને સત્ય એટલે જ રામ! અને રામ તત્વ તો સર્વ વ્યાપક છે, મારી જેમ આપ સૌમાં પણ એ જ તત્વ વિદ્યમાન થાય, એવું જ્ઞાન મળે તો આપણી આ ચક્ર સાધના પરિપુર્ણ થઈ કહેવાય. આમ પણ આજે રામનવમી છે, તો એ રામ તત્વ વિશે થોડું જોઈએ.

વિષ્ણુનાં સાતમા અવતાર તરીકે ભગવાન રામે અયોધ્યામાં રાજા દશરથ અને માતા કૌશલ્યાના પુત્ર તરીકે જન્મ લીધો હતો. રાજા દશરથને પુત્રકામેષ્ટિ યજ્ઞનાં ફળ રૂપે મોટી અવસ્થામાં પુત્ર પ્રાપ્ત થયાં. ત્રેતાયુગમાં રાક્ષસો ઋષિમુનિઓને પોતાનાં યજ્ઞકાર્ય સંપન્ન કરવા દેતા ન્હોતા. પૃથ્વી પર પાપાચારનો અંત આવે અને ધર્મની પુનઃ સ્થાપના થાય, માટે ભગવાન વિષ્ણુએ રામ તરીકે જન્મ લીધો હતો. ભગવાન રામ થોડા મોટા થયા એટલે, વિશ્વામિત્ર ઋષિનો યજ્ઞ સંપન્ન કરાવવા એમની સાથે વનમાં ગયા હતાં. વિશ્વામિત્ર સાથેની આ સફરમાં જ તેનું સીતાજી સાથે લગ્ન થયું, અને રાજા દશરથ પોતાના જ્યેષ્ઠ પુત્રને રાજ્યભાર સોંપી નિશ્ચિત થવા માંગે છે, એની જાણ મંથરા દ્વારા કૈકેયીને થઈ, અને ચંદ ઘડીમાં તક્તો પલટાઈ ગયો. ભગવાન રામ ચૌદ વરસના વનવાસે ચાલ્યા અને દશરથનું મૃત્યુ થયું. જે પુત્ર માટે રાજગાદી માંગી હતી એ પુત્ર એ રાજગાદીનો ઈન્કાર કર્યો, અને ભરત રાજા રામનાં પ્રતિનિધિ તરીકે એમની જેમ જ અયોધ્યા પાસે નંદીગ્રામમાં તાપસ બનીને આ અવધી પૂરી કરશે, અને અયોધ્યાના રાજ ધર્મનુ સંચાલન કરશે. આ ૧૪ વર્ષમાં ભગવાન રામ જુદી જુદી જગ્યાએ રહીને સૌમાં સત્ય પ્રેમ અને કરુણાની પુષ્ટિ કરી, તેમજ વિસરતા જતાં ધર્મનું અનુસંધાન કરાવ્યું. પંચવટીમાં રાવણ દ્વારા સીતાનું હરણ થવું, ત્યારબાદ સીતાની ખોજ, વિભિષણની શરણાગતિ, સીતા માટે રાવણ જેવા કેટલાય રાક્ષસો સાથે યુદ્ધ, યુદ્ધની અંતે ભગવાન રામનો વિજય, અને પછી સીતાજી સાથે પુનઃ અયોધ્યા ગમન, પછી રાજ્યાભિષેક. આમ ભગવાન રામની અવતાર લીલાઓનું રામચરિત માનસમાં વર્ણન છે. દશરથ નંદન, કૌશલ્યા કુમાર કે અયોધ્યા પતિ, જાનકી વલ્લભ, તરીકે ભગવાન રામને આપણે સૌ ઓળખીએ છીએ અને જાણકારી રૂપે તો તત્વતઃ રામ જ બ્રહ્મ છે, એ જાણવા છતાં સત્યની મહત્તા પ્રબળ ન હોવાથી રામ તત્વને અનુભવી શકાતું નથી. એટલે જ અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ તો થયું પણ રામરાજ્ય સ્થપાશે કે નહીં એ વિશે અસમંજસતા છે.

રામના જન્મ માટે તો દશરથ કૌશલ્યા જરૂરી છે, પણ રામને તત્વતઃ અનુભવવા માટે માત્ર થોડા ચરિત્રોનું હોવું પર્યાપ્ત છે. શ્રીરામને ૧૪ વર્ષનો વનવાસ અપાયો, ત્યારે એની સાથે એમનો અનુજ લક્ષ્મણ અને એમની પત્ની સીતાજી પણ વનમાં ગયા! આ બે ચરિત્ર એવા છે કે એમની વગર રામ તત્વ અનુભવી શકાતું નથી. એ ચરિત્રને આત્મસાત કરીએ તો જ ધર્મરૂપી સત્ય અને સત્ય રૂપી રામને આપણા જીવનમાં પ્રતિષ્ઠિત કરી શકાય છે. કારણ કે સીધા સાદા સત્યની સાપેક્ષતા ને કારણે આપણે સત્યને વહેવારુ બનાવી દીધું છે, તેની વાસ્તવિકતાની ધાર ઓછી થઈ ગઈ છે, અને એટલે તે સત્ય આપણને રામરૂપે જ્ઞાન કે પ્રકાશ આપતું નથી, અને આપણે એ તત્વને અનુભવી શકતા નથી. બીજી એક વાત એ છે કે સૌને રામનું નામ પોતાના કામ સિદ્ધ કરવા વટાવવું છે! એની પ્રતિતિ કોઈને કરવી નથી! એટલે કે તસ્વીરમાં કે ફોટા તરીકે ઘરમાં તો રાખવા છે, પણ એના ચરિત્રને આત્મસાત કરીને, એક બે ગુણ ઉજાગર કરવા નથી, માટે રામ તત્વની અનૂભૂતિ એટલી આલ્હાદક બનતી નથી.

ભગવાન શ્રીરામના ભાઈ લક્ષ્મણને આપણે ત્યાં જાગૃત પુરુષ તરીકે ઓળખવામાં આવે છે, અને એનાં જેવી જાગૃતિ બીજે ક્યાંય જોવા મળતી નથી. લક્ષ્મણજી ભગવાન રામ સાથે ૧૪ વર્ષનો વનવાસ ભોગવ્યો, ત્યારે એક ક્ષણ માટે પણ નિંદ્રાધીન થયા નહોતાં! આ વાતને અલગ રીતે મૂલવીએ તો એમ કહી શકાય કે રામ તત્વની અનુભૂતિ માટે ક્ષણેક્ષણની જાગૃતિ બહુ જ જરૂરી છે! બાકી આ મોહ માયા અને મમતાની સૃષ્ટિમાં એકાદ ક્ષણની ગફલત પણ ભારે પડી શકે! ત્યારે આપણે તો એજ સૃષ્ટિમાં રમમાણ છીએ! મોહરાત્રીનો અંધકાર આપણી આસપાસ ઘેરાયેલો છે, એમાં રામ તત્વનો પ્રકાશ આપણે અનુભવી શકતા નથી, કારણ કે લક્ષ્મણ જેવી જાગૃતિ નથી માટે એ સત્ય સુધી પહોંચવા દેતી નથી.

તો સીતાજી પણ શ્રીરામ સાથે વનવાસમાં ગયા હતાં, સીતા એટલે જ પ્રીતિ, સીતા એટલે જ ભક્તિ,અને સીતા એટલે જ શાંતિ! એટલે રામ તત્વની અનુભૂતિ માટે સીતાના આ ત્રણ સ્વરૂપોને આત્મસાત કરવા પડશે! રામ એટલે જ પરમ સત્ય! અને ત્યાં સુધી પહોંચવા માટે આપણી પ્રીતિને પણ પરમ બનાવવી પડશે, આપણી ભક્તિને પણ પરમ બનાવવી પડશે, અને તો જ આપણે પરમ શાંતિ સુધી પહોંચી શકીશું! એટલે કે પરસ્પર પ્રીત એ રામરાજ્યની પહેલી શરત હતી! અને જાત પાત કે સ્ત્રીલિંગ પુલિંગ ગમે તે હોય પણ માતા શબરી જેવો શુદ્ધ ભાવ જ આપણને ભક્તિની પરાકાષ્ઠા એ લઈ જશે. અંતમાં રામ તત્વ અનુભવવા માટે હનુમાન એટલે કે સ્વામી નહીં પણ દાસ બનવું પણ એટલું જ મહત્વનું છે! ઉત્ક્રાંતિને કારણે વાનર માંથી માનવ તો બન્યા હવે હનુમાન જેવા વાનર બની તત્વતઃ રામને હ્રદયસ્થ કરીએ! આ રીતે જ આપણને એ રામ તત્વની અનૂભૂતિ થશે, બસ એ એક જ માત્ર ઉપાય છે. જય જય શ્રીરામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### ગામને કેવી રીતે છેતરવા એ સારી પેઠે જાણતાં લેભાગુઓને કદી મોંઘવારી નડતી હોતી નથી

# પોલેન્ડના વર્ક પરમીટના નામે મા-બેટાએ લગાવ્યો લાખોનો ચૂનો

## રત્નકલાકાર સહિત ત્રણ યુવાને ગુમાવ્યા નવ લાખ: બીજા બનાવમાં કાપડના વેપારી સાથે જમીનના સોદાના નામે એક કરોડ પંદર લાખની છેતરપીંડી થઈ ગઈ

રાજકોટ: વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે થઇ રહેલા ફ્રોડ અટકતા જ નથી. રોજ ઉઠીને આવી ફરિયાદો સામે આવી રહી છે. લંડન, અમેરીકા, ન્યુઝીલેન્ડના વર્ક પરમીટ વીઝા, કેનેડાના વીઝાના નામે અનેક લોકોએ લાખો કરોડો ગુમાવી દીધા છે. વધુ એક બનાવમાં ત્રણ યુવાનો સાથે મા-બેટાએ મળી પોલેન્ડના વર્ક પરમીટ વીઝાના નામે લાખોની ઠગાઇ કરી છે. આ મા દિરાએ મળી રત્નકલાકાર સહિત ત્રણ સાથે નવેક લાખની છેતરપીંડી કરી હતી. બીજી એક ઘટનામાં જમીનના સોદાના નામે એક કરોડ પંદર લાખની ઠગાઇ કરવામાં આવી હતી. કાપડના વેપારી આમાં છેતરાઇ ગયા હતાં.

વર્ક પરમીટ વીઝાના નામે ફ્રોડની ઘટના પર નજર કરીએ તો પોલેન્ડમાં વર્ક પરમિટ અપાવવાની લાલચ આપીને મોટા વરાછાના રત્નકલાકાર સહિત ત્રણ પાસેથી રૂપિયા નવ લાખ દસ હજાર પડાવી લઈ છેતરપિંડી કરનાર માતા-પુત્ર સામે ઉત્રાણ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. મોટાવરાછા યમુનાદર્શન સોસાયટીમાં રહેતા વિપુલ ગોવિંદભાઈ ધોળિયા હીરાના કારખાનામાં રત્નકલાકાર છે. હાલ મંદી હોવાથી વિપુલને એક પરિચિત મહિલાએ તેમનો દીકરો પોલેન્ડ હોવાનું કહ્યું હતું અને ડિંડોલી અંબિકા ફ્લેટમાં રહેતા હંસા રમણિક નાકરાણી અને તેનો દીકરો હાર્દિક વર્ક પરમિટનું કામ કરતા હોવાનું જણાવ્યું હતું. જેથી વિપુલે તેમનો સંપર્ક કરતાં હાર્દિકે પોતે પોલેન્ડમાં રહેતો હોય અને ત્યાં જવું હોય તો આઠ લાખનો ખર્ચ થશે એમ કહ્યું હતું.

આથી વિપુલે તેના મિત્ર નિલેશ પોપટ ગેલાણી (રહે, યમુનાદર્શન સોસાયટી) અને મુકેશ ગોળકિયા (રહે, ભવાની હાઇટ્સ, મોટા વરાછા)ને પણ વાત કરતાં તેમણે પણ પોલેન્ડ જવાની ઈચ્છા દર્શાવી હતી. આ ત્રણેય મિત્ર પાસેથી હંસા, હાર્દિકે પ્રોસેસના નામે નવ લાખ દસ હજાર લીધા હતા. જો કે ત્યારબાદ દોઢ મહિને પણ કોઈ કામગીરી થઇ ન હતી, જેથી વિપુલે પૈસા પરત માંગતાં બંનેએ વર્ક પરમિટ આવી જશે એમ કહીને બહાનાં બનાવ્યાં હતાં. બાદમાં પૈસા આપવાનો ઈન્કાર કરી દીધો હતો.




આખરે વિપુલે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બીજી છેતરપીંડીની ઘટના જોઇએ તો સુરતના સચિન વિસ્તારમાં ભીમરાડ ગામના રહેવાસી અને એપરલ પાર્કમાં અભિષેક ટેક્સટાઈલ ચલાવતા વેપારી અશોકકુમાર માણેકલાલ દલાલ સાથે એક કરોડ પંદર લાખ રૂપિયાની જમીન ડીલમાં મોટો છેતરપિંડીનો બનાવ બહાર આવ્યો છે. આ મામલે લાજપોર ગામના આહિર પરિવારે ત્રણ વીંઘા જમીનનો સોદો કરીને રૂપિયા લીધા બાદ દસ્તાવેજ નહીં આપતાં વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ભીમરાડ ગામના આકાશ બંગલો ખાતે રહેતા પંચાવન વર્ષના અશોકકુમાર દલાલ નાની-મોટી જમીન લેવડ-દેવડનું કામ પણ કરે છે. તેમણે ચોર્યાસી તાલુકાના કનસાડ ગામે આવેલા ૭૧૩૪ ચો.મી અંદાજે ત્રણ વીઘા જમીનનો સોદો લાજપોરના આહિર પરિવાર સાથે રૂ. ૨.૩૧ કરોડમાં નક્કી થયો હતો. અશોકકુમારે એ પૈકી ટુકડે-ટુકડે કરીને રૂ. ૧.૧૫ કરોડ પહેલેથી ચૂકવી દીધા હતા. બાકીના રૂ. ૧.૧૬ કરોડ જમીનના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સમયે આપવાનું નક્કી થયું હતું.

પરંતુ જ્યારે દસ્તાવેજ કરવાની વારો આવ્યો ત્યારે આરોપી મગન રવજીભાઈ પટેલે દસ્તાવેજ કરવાથી ઈનકાર કરી દીધો હતો. આરોપીઓએ કહ્યું કે, જમીનના ટેક્સ મુજબ એટલે કે જંત્રીના દર મુજબ રકમ આપો તો જ દસ્તાવેજ કરીશું. આ રીતે તેઓએ દસ્તાવેજ પણ ન આપ્યો અને પૈસા પણ પરત ન કર્યા. જમીન અગાઉ ૧૯૭૦માં મગન રવજી પટેલના પિતા રવજી પટેલે મરહુમ દુબળભાઈ આહિરના નામે ખરીદી હતી. દુબળભાઈ પોતાની જાત ખેડૂત ન હોવા છતાં ખેતી કરતા હતા અને મહેસુલ પણ ચૂકવતા હતા. જમીનમાંથી પસાર થતી હાઈટેન્શન લાઈનના રિવોર્ડ પણ પાલીબેન દુબળભાઈના ખાતામાં જમા થાય છે, જેને આધારે જમીન પર દાવાદારીનો મુદ્દો વધુ મુશ્કેલ બન્યો છે. આ મામલે અશોકકુમાર દલાલે સચીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસએ પાલીબેન દુબળભાઈ, મોહનભાઈ દુબળભાઈ, મગનભાઈ દુબળભાઈ, નિલેશ મગનભાઈ, જયવીન મોહનભાઈ અને મગન રવજી પટેલ સામે ત્ભ્દની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી હતી. આમ વધુ બે ફ્રોડમાં લાખો, કરોડોની ઠગાઈ થઇ હતી.

### ગુના આચરીને ભાગતાં ફરતાં શખ્સોને શોધી કાઢવાની ઝુંબેશમાં વધુ એક સફળતા

# રૂપિયા માટે મિત્રની હત્યાના પ્રયાસમાં ‘બીસ સાલ બાદ’ પકડાયો શખ્સ

## બીજી તરફ રાજકોટ, જેતપુર સહિત રાજ્યભરમાં મંદિરોમાં, વાહનોની ચોરીઓ કરતી ત્રિપૂટી ઝડપાઇ ગઈ: લાખોનો મુદ્દામાલ પોલીસે કર્યો કબ્જે



રાજકોટ: ગુના આચરીને ભાગી જવાની અને વેશપલટા કરી છુપાઇ રહેવાની પોલીસથી બચતા રહેવાની આવડત ધરાવતાં ગુનેગારોને પણ પોલીસ વીણી વીણીને શોધી રહી છે. વર્ષો સુધી ફરાર રહેનારા ગુનેગારો પણ હવે પકડાઇ રહ્યા છે. વધુ એક આવી સફળતા પોલીસને મળી છે. બીસ સાલ બાદ એક ગુનેગારને શોધી કઢાયો છે. વીસ વર્ષ પહેલા માત્ર ત્રણસો રૂપરડી માટે એક શખ્સ તેના મિત્રની હત્યાનો પ્રયાસ કરી ભાગી ગયો હતો. આ શખ્સને પોલીસે હવે શોધી કાઢ્યો છે. બીજી તરફ ગુજરાતના મંદિરોમાં હાથફેરો કરતી ગેંગને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. દાનપેટીઓ, મુર્તિઓ, ઘરેણાની ચોરી આ ગેંગ કરતી હતી. પોલીસે લાખોનો મુદ્દામાલ પણ કબ્જે કર્યો છે.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૫માં નોંધાયેલા એક હત્યાના પ્રયાસના વીસ વર્ષ જૂના ગુનાના મુખ્ય આરોપી મિટુ દંડપાની ઉર્ફે દંડીયા નાહક-પ્રધાનને ક્રાઈમ બ્રાન્ચે આખરે ઝડપી પાડ્યો છે. આરોપી અમરોલી વિસ્તારમાં છુપાઈને રહેતો હતો અને પોલીસને તેને શોધવામાં લગભગ બે દાયકાનો સમય લાગ્યો હતો. મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૦૫માં મિટુએ પોતાના નજીકના મિત્ર બુલુ બાઉ શાહુને ત્રણસો રૂપિયા ઉધાર આપ્યા હતા. જો કે જ્યારે મિટુએ પૈસા પરત માંગ્યા ત્યારે બુલુએ ન માત્ર પૈસા આપવાનો ઈન્કાર કર્યો હતો, પરંતુ તેને અપશબ્દો પણ કહ્યા હતા. આમાંથી શરૂ થયેલો વિવાદ લોહીયાળ ઘટનામાં પરીણમ્યો હતો. આ અદાવતમાં મિટુએ પોતાના બે સાથીદારો ભરત ગોલા પ્રધાન અને રામા હરી પ્રધાન સાથે મળી ઘાતકી હુમલો કર્યો હતો. આરોપીઓએ પહેલા બુલુ શાહુના હાથ પકડી રાખ્યા અને ત્યારબાદ ભરત ગોલા પ્રધાને ચપ્પુ વડે તેના ગળાના ભાગે ઘા કર્યો.

બુલુ શાહુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈને જમીન પર પડી ગયો અને તે સમયે ત્રણેય આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. આ મામલે કાપોદ્રા પોલીસ સ્ટેશને ઘાતકી હુમલો, ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારથી તમામ આરોપીઓ નાસતા ફરતા હતા. મિટુ દંડીયા નાહક મૂળ ઓરિસ્સાના ગંજામ જિલ્લાના કોડલા ગામનો રહેવાસી છે. પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી સુરતના અમરોલી વિસ્તારમાં અંજની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિભાગ-૩ની એક હોટલના રૂમ નં-૧૫માં છૂપાઈ રહ્યો હતો. આરોપી મજુરીનો ધંધો કરતાં જીવન ગુજારતો હતો. આખરે ક્રાઈમ બ્રાન્ચે તેને ઝડપી પાડી કાપોદ્રા પોલીસને સોંપી દીધો છે. ચોંકાવનારી વાત એ હતી કે બબ્બે દાયકા સુધી ફરાર રહેલો આ શખ્સ સુરતમાં જ હતો છતાં પોલીસને જડતો નહોતો!

બીજી રાજકોટ, જેતપુર તેમજ વડોદરા શહેર અને જિલ્લા સહિત રાજ્યભરમાં રાત્રિના સમયે મંદિરમાં પ્રવેશીને દાનપેટી તથા મૂર્તિઓની ચોરીના કિસ્સાઓ વધ્યા હતા. જેને ધ્યાને રાખીને વડોદરા ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. આ તપાસમાં દાહોદની મેડા ગેંગનો પર્દાફાશ થયો છે. આ મામલે પોલીસે ત્રણ ચોરટાઓની ધરપકડ કરી છે. તેમની પાસેથી પાંચ લાખનો મુદ્દામાલ રીકવર કરીને વધુ તપાસ શરૂ કરી છે. ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તપાસ હાથમાં લેતા જ સીસીટીવી, ટેકિન્કલ અને હ્યુમન રિસોર્સના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન બે શંકાસ્પદ લોકો બાઇક પર દાહોદ તરફથી મંદિરમાં ચોરી કરવા માટે આવનાર હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે ગોલ્ડન ચોકડી પર વોચ ગોઠવવામાં આવી હતી. આ સમયે બે બાઇક પર ત્રણ શખ્સ આવતા જણાતા તેમને રોકવામાં આવ્યા હતા.

આ શખ્સોએ પોતાના નામ ઉમેશ બચુભાઇ મેડા (રહે. ગુલબાર ગામ, ગરબાડા, દાહોદ), ગોવિંદ દલસિંગભાઇ મછાર (રહે. સીમલીયા ખુર્દ ગામ, ગરબાડા) અને અજય બચુભાઇ મેડા (રહે. ગુલબાર ગામ, ગરબાડા, દાહોદ) હોવાનું જણાવ્યું હતું. આ તમામની અંગ જડતી કરતા તેમાંથી રોકડ, સિક્કા, મૂર્તિઓ, યંત્રો અને લગડી મળી આવ્યા હતા. તેમની પાસે બાઇક અને વસ્તુઓની માલિકી અંગે કોઇ પૂરાવા નહોતા. ત્યારબાદ તેમની કડકાઇપૂર્વક પુછપરછ કરતા તેઓ ભાંગી પડ્યા હતા. છેલ્લા ૬ મહિનામાં વડોદરા શહેર, ભાયલી, ભરૂચ, પોર, કરજણ, અંકલેશ્વર, રાજકોટપ જેતપુરમાં મોબાઇલ, વાહન તથા મંદિરમાં ચોરીના બાવીસ ગુનાને અંજામ આપ્યો હોવાનું જણાવ્યું હતું. જે મામલે સ્થાનિક પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીમાં ઉમેશ બચુભાઇ મેડા (રહે. ગુલબાર ગામ, ગરબાડા, દાહોદ), ગોવિંદ દલસિંગભાઇ મછાર (રહે. સીમલીયા ખુર્દ ગામ, ગરબાડા) અને અજય બચુભાઇ મેડા (રહે. ગુલબાર ગામ, ગરબાડા, દાહોદ)ની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે તેમની પાસેથી કુલ રૂ. ૫.૦૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં આરોપીઓની પૂછપરછમાં ૨૨ ગુના ઉકેલાયા છે.

અજય મેડા સામે-૪, ઉમેશ મેડા સામે-૬ અને ગોવિંગ મછાર સામે-૩ ગુના અગાઉ નોંધાયેલા છે. આરોપીઓ ઘરની જગ્યાએ મંદિરને વધુ ટાર્ગેટ કરતા હતા. તેઓ ઘરમાં ધાડના મામલે લાંબો સમય જેલવાસ ભાગવી ચૂક્યા છે. મંદિરમાં રાત્રે કોઇ હાજર ન હોવાથી આરોપીઓ તેની પસંદગી કરતા હતા. આરોપીઓ પહેલા મંદિરની રેકી કરતા, તેની દાનપેટીને ચકાસવા તેમાં સિક્કો નાંખતા હતા. સિક્કાના અવાજ પરથી દાનપેટી કેટલી ભરેલી છે તે નક્કી કરવામાં આવતી હતી. કોઇને ભાગ ન આપવો પડે તે માટે પરિવારજનોને જ ગેંગમાં રાખતા હતા. આરોપી સોના-ચાંદીની મૂર્તિને વધુ ટાર્ગેટ કરતા હતા કારણકે તેમાંથી રોકડ આવક થઇ જાય. ચોરીના વાહનોને તે હાઇવે પર પાર્કિંગ તથા નાગરિકોના વાહન જોડે મુકતા હતા. ભાગવામાં સરળતા રહે તે માટે મંદિરથી બાઇક દુર મુકવામાં આવતી હતી. સવારે રેકી કર્યા બાદ આખો દિવસ તેઓ રેલવે, બસ સ્ટેશન અથવા તો જાહેર બગીચામાં વિતાવતા હતા.

# શહેર પોલીસની ખાસ ડ્રાઈવ: પ્રેમજી પિસ્તોલ સાથે અને બીજા ૨૭ છરી સાથે ઝડપાયા



## શરીર સંબંધી ગુનાઓ અટકાવવા અને રામનવમી અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચ, SOG અને પેરોલ ફરલો સ્કવોડની કાર્યવાહી










રાજકોટ મિરર, તા.૫

શહેરમાં જાહેર મારામારી સહિતની ઘટનાઓ બનતી હોય આવા શરીર સંબંધી ગુના અટકાવવા માટે અને રામનવમીનો તહેવાર હોય તેની શાંતિપૂર્વક ઉજવણી થઈ શકે તે હેતુથી શહેર પોલીસ કમિશનર દ્વારા ખાસ ડ્રાઇવ યોજી છરી સાહિત્યના હથિયારો સાથે હરતા ફરતા શખ્સોને ઝડપી લેવા સૂચના અપાઈ હતી.

તે અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચ એસઓજી અને પેરોલફર્લો સ્ટાફે મિટિંગ કરી શહેરભરમાં ચેકિંગ કરી એક શખ્સને પિસ્તોલ સાથે બીજા ૨૭ શખ્સોને અલગ અલગ વિસ્તારમાંથી છરીઓ સાથે ઝડપી લીધા હતા.પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ શહેર વિસ્તારમાં બનતા શરીર સંબંધી ગુન્હાઓની ગંભીરતાને ધ્યાને લઇ તેમજ રામનવમીનો તહેવાર દરમ્યાન કોઇ અનીચ્છનીય બનાવ ન બને તે માટે તેમજ અસમાજીક તત્વોને અંકુશમાં રાખવા રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અધિક પોલીસ કમિશ્નર.મહેન્દ્ર બગડીયાની સુચના અન્વયે નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહિલએ શનિવારે જી.પી.એકટ કલમ -૧૩૫ની ડ્રાઇવનું આયોજન કરવા સૂચના આપી હતી.



ડ્રાઇવમાં વધુને વધુ કેસ કરવા તેમજ અસરકારક પરીણામલક્ષી કામગીરી કરવા મદદનીશ પોલીસ કમિશ્નર (કાઇમ) ભરત બી. બસીયાના માર્ગદર્શન મુજબ ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ એમ.આર. ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ. જાદવ પીઆઇ એસઓજી સંજયસિંહ એમ.જાડેજા, પીઆઇ એન.વી.હરીયાણી ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પીએસઆઇ એ.એન.પરમાર,.એ.એસ.ગરચર, વી.ડી. ડોડીયા, એમ.કે.મોવલીયા રાજકોટ શહેર એસ.ઓ.જી.ના પીએસઆઈ એમ.બી.માજીરાણા, પીએસઆઈ એસ. બી.ધાસુરા અને રાજકોટ શહેર પૅરોલ-ફર્લો સ્કવોડના પીએસઆઈ એચ.એન. ગઢવી તેમની ટીમના પોલીસ સ્ટાફ સાથે રાજકોટ શહેર વિસ્તારમાં સતત અને સઘન પેટ્રોલીંગ કરી ગેરકાયદેસર છરી સાથે મળી આવેલ કુલ -૨૭ને ગેરકાયદેસર હથીયાર (પીસ્ટલ) સાથે ૧ શખ્સ પ્રેમજી ધનજી રાફુચા (રાજકોટને) પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

આ કામગીરી ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા એમ.એલ.ડામોર, સી.એચ. જાદવ, પીઆઈ, એસ.એમ. જાડેજા, પીઆઈ એન. વી.હરીયાણી એસ.ઓ.જી. રાજકોટ શહેર પીએસઆઈ એ.એન.પરમાર,.એ.એસ. ગરચર,.વી.ડી.ડોડીયા,.એમ.કે. મોવલીયા, એચ.એન.ગઢવી સહિતે કરી હતી.

પ્રેમજી પિસ્તોલ ક્યાંથી લાવ્યો ? શું કોઈ વેરઝેર માટે રાખી હતી કે શું ? કે પછી આવી રીતે ગેરકાયદે હથીયારો પરપ્રાંતમાંથી લાવીને અહી વેચવાનો ધંધો કરે છે ? અને ક્યાંથી લાવે છે હથીયારો ? વિગેરે વાતની પૂછપરછનો ધમધમાટ શરુ કરાયો છે.



### કોમ્પ્યુટર ઓપરેટરની સારા પગારવાળી નોકરીની લાલચ આપી ધોરાજી-રાજકોટના બે એજન્ટોએ સાયબર માફીયાઓના હવાલે ત્રણ યુવાનોને કરી દીધા હતાંઃ ખોટુ કામ કરવાની ના પાડતાં ત્રણેયના પાસપોર્ટ, રોકડ પડાવી કાઢી મુકાયાઃ થાઇ આર્મીમેનની મદદથી ઈન્ડિયન એમ્બેસી સુધી પહોંચી માંડ ભારત પાછા આવ્યા

# ધોરાજીના યુવાનોને બેંગકોકમાં સાયબર ફ્રોડના ધંધામાં જોતરી દેવાયા!

### ધોરાજીના ત્રણેય મિત્રોને જે કંપનીમાં લઇ જવાયા હતાં ત્યાં ભારતના બીજા યુવાનો પણ હતાંઃ તમામ પાસે સાયબર ફ્રોડનું કામ કરાવાતું હોવાની શક્યતાઃ ધોરાજી પોલીસે બે એજન્ટને દબોચ્યા

રાજકોટઃ વિદેશમાં નોકરી કરવા ઇચ્છુક યુવાનો સાથે છેતરપીંડીની વાત નવી નથી. આ વચ્ચે સૌરાષ્ટ્રના ધોરાજીના બે મિત્રો સહિત ત્રણ યુવાનોને બેંગકોકમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે મોટા પગાર સાથેની નોકરીની લાલચ આપી ફસાવી દેવાના કારસ્તાનનો પર્દાફાશ થયો છે. ધોરાજીના જ એક શખ્સ તથા રાજકોટના એક શખ્સ કે જે એજન્ટ તરીકે કામ કરે છે તેણે બેંગકોકના સાયબર માફીયાઓ સાથે મળી ત્યાંની કંપનીમાં નોકરીના બહાને ધોરાજીના ત્રણ યુવાનને મોકલ્યા હતાં. પણ ત્યાં પહોંચ્યા પછી આ ત્રણેય પાસે ઓનલાઇન ફ્રોડના કામે લગાડી દેવાયા હતાં! આવા કામનો ઈન્કાર કરતાં ત્રણેયના પાસપોર્ટ રોકડ પડાવી લઇ કાઢી મુકાયા હતાં. અંતે થાઇ આર્મીમેનની મદદથી ઇન્ડીયન એમ્બેસી સુધી પહોંચેલા આ ત્રણેયને પરત ભારત મોકલાયા હતાં. ધોરાજીમાં જ પોતાને છેતરનારા શખ્સને જોઇ જતાં આ ત્રણેયએ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધે કહેવાતા બે એજન્ટને સાણસામાં લીધા છે. દેશભરમાંથી આ રીતે નોકરીના નામે બેંગકોકમાં ફ્રોડના કારસ્તાનમાં યુવાનોને જોતરી દેવામાં આવતાં હોવાનો પર્દાફાશ થયો છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં ધોરાજી સીટી પોલીસે ધોરાજીમાં નાણાણીશા તકીયા ત્રણ દરવાજા પાસે રહેતાં સિદ્ધીક જાફરમીયા સૈયદ નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી આ ગામના જ રીઝવાન જીકરભાઇ કપડવંજી અને રાજકોટના મેહુલ સામે ઠગાઇનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સિદ્ધીક સૈયદે ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને ગુજરાત સેલ નામે કાપડની દુકાન ચલાવુ છું. હું વર્ષે ૨૦૨૪માં ધોરાજીની ગેલેક્સી એન્ટરપ્રાઇઝ સેમસંગ પ્લાઝામાં ટેકનીશીયન, કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતો હતો. આ વખતે મારા મિત્ર અદનાન મુનાવર નાગાણીએ મને બેંગકોક ખાતે કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરીની સારી તક છે, પગાર પણ સારો મળે છે તેવી વાત કરી હતી. મારી આ નોકરીમાં પગાર ઓછો હોઇ જેથી મેં આ ઓફર ક્યાંથી આવી છે? તે પુછતાં મિત્રએ કહેલુ કે મારા પિતાને તેમના મિત્ર વર્તુળમાંથી વાત આવી છે.

ધોરાજીનો રીઝવાન ધોરાજીના લોકોને બેંગકોકમાં સારામાં સારા પગારવાળી નોકરી અપાવે દે છે. મિત્ર અદનાને રીઝવાન સાથે વ્હોટ્સએપમાં મેસેજથી વાત કરી હોઇ તે મને બતાવતાં મને પણ નોકરીમાં રસ પડ્યો હતો. મને રીઝવાને ૬૦થી ૭૦ હજારની તૈયારી રાખવા કહ્યું હતું. આ પછી રીઝવાને મને કોમ્પ્યુટર, ઇંગ્લીશની બેઝીક જાણકારી જરૂરી છે તેમ કહી અમુક રૂપિયા આપે તો ઝૂમ મીટીંગ દ્વારા ઇન્ટરવ્યુ કરાવવાની વાત કરતાં મેં હા પાડી હતી. પછી ઝૂમ એપ્લીકેશન ડાઉનલોડ કરતાં મને વ્હોટસએપ પર લિંક મોકલાઇ હતી. જેમાં હું એડ થઇ ગયો હતો. ઇન્ટરવ્યુંમાં હું, મારો મિત્ર અદનાન અને કોઇ સ્ત્રી ઇન્ટરવ્યુ લેનાર હતી. તેણીનો માત્ર અવાજ સંભળાતો હતો. મને મારુ આખુ નામ, કયા દેશથી છીએ, શું કામ કરીએ છીએ કે કામકાજનો અનુભવ કેટલો, ટાઇપીંગની સ્પીડ કેટલી વગેરે અંગ્રેજી ભાષામાં પુછાયુ હતું. પણ અમોને તુટીફુટી અંગ્રેજી ભાષા આવડતી હોઇ તે રીતે જવાબ આપ્યા હતાં. બાદમાં ઇન્ટરવ્યુ પુરુ થતાં ઝૂમ મીટીંગમાંથી બહાર નીકળવાનું કહેવાયુ હતું. આ પછી અદનાન અને અબ્દુલ કાદીરના પણ ઇન્ટરવ્યુ લેવાયા હતાં.

ત્યાર પછી ખબર પડી હતી કે રીઝવાને મારી અને અદનાન પાસેથી ૬૦ હજાર અને અબ્દુલ કાદીર પાસેથી ૭૦ હજાર મળી કુલ ૧,૯૦,૦૦૦ એજન્ટ તરીકે લીધા હતાં. ત્રણેક દિવસ પછી રીઝવાન કપડવંજીએ મને ફોન કરી કહ્યું કે-તમે પેકીંગ, ખરીદી કરી લો, બીજી તૈયારી કરી લો તમે ઇન્ટરવ્યુમાં પાસ થઇ ગયા છો. તમારી ટિકીટ બૂક થઇ જશે. આ પછી બે દિવસ બાદ ધોરાજીનો અબ્દુલ કાદીર ત્રણ દરવાજે મળેલ ત્યારે તેણે પણ બેંગ્કોકની વાત રીઝવાને કરી હોવાનું કહ્યું હતું. જો કે બે દિવસ બાદ અમારી ટિકીટ વીશે કોઇ રીપ્લાય ન થતાં અમે રિઝવાનને પુછતાં તેણે મેસેજથી કહેલુ કે ૧૦-૧૫ દિવસમાં ટિકીટ થઇ જશે તમે તૈયાર જ રહેજો, વ્હોટ્સએપણી સતત સંપર્કમાં રહેજો. એ પછી અમે રીઝવાનને નોકરી બાબતે સુવિધા બાબતે પુછતાં તો કહેતો કે એ.સી. ઓફિસમાં બેસવાનું, કોમ્પ્યુટરમાં કામ કરવાનું. મોલ ગાર્ડ રેસ્ટોરન્ટ સહિતની સુવિધાઓ છે. રીઝવાન વિડીયો કોલ કરી અમને બધુ બતાવતો હતો. અમે તેને તું વિડીયો કોલમાં બધુ છુપાવીને કેમ વાત કરે છે? પુછતાં તે કહેતો અહિ કામના કલાકો દરમિયાન મોબાઇલ રાખવાની મનાઇ છે! રીઝવાન જે તે વખતે પોતે બેંગકોકમાં હોવાનું અને ત્યાંથી જ ફોન કરતો હોવાનું કહેતો હતો. ત્યાર પછી અમુક દિવસ બાદ રીઝવાનની વાયદા આપવાની વાતો પર શંકા જતાં અમારી સાથે ઠગાઇ થયાનું લાગતાં અમે તેની સાથે વાત કરતાં તેણે તમે નારાજ ન થાવ, ટિકીટનું કામ શક્ય એટલુ ફટાફટ કરાવુ છું તેમ કહી તમારી નોકરીનું સેટ ન થાય તો તમારા પૈસા આપી દઇશ તેવુ કહ્યું હતુ.

બાદમાં રીઝવાને વ્હોટ્સએપથી ટીકીટની પીડીએફ મોકલી હતી. મારી, અબ્દુલ અને અદનાનની મુંબઇથી વિયતનામ એરલાઇન્સની ટિકીટ હતી. ૧૩મી ડિસેમ્બરે અમે પહેલા રાજકોટ, ત્યાંથી મુંબઇ ટ્રેન મારફત પહોંચી ત્યાં એરપોર્ટ ગયા હતાં. ત્યારે રીઝવાને કહેલુ કે હું તમને મેહુલનો વ્હોટ્સએપ નંબર આપુ છું, તે બોસ છે અને તે તમને સુચના આપે એ મુજબ કરજો. આ પછી અમે ૧૪ ડિસેમ્બરે મુંબઇથી વિયતનામ થઇ બેંગકોક બપોરે દોઢ વાગ્યે સ્વર્ણભુમિ એરપોર્ટ ખાતે ઉતર્યા હતાં. ત્યાંથી રીઝવાન, મેહુલે આપેલી સુચના મુજબ એરપોર્ટનું વાઇફાઇ કનેક્ટ કરી મેહુલના વ્હોટસએપ નંબર પર કોલ કરતાં ઇમિગ્રેશન પુરુ કર્યા બાદ બહાર જતાં એક અજાણી ટેક્સી અમને લેવા આપી હતી. છએક કલાકની મુસાફરી બાદ અમને રાતે એક હોટેલમાં રોકાણ કરાવાયુ હતું. જ્યાં મેહુલે વ્હોટ્સએપથી બીજી ગાડીનો ફોટો અમને મોકલ્યો હતો.

બીજા દિવસે બેંગકોકના સમય મુજબ સવારે આઠેક વાગ્યે અમે હોટેલથી નીકળી થાઇલેન્ડ મ્યાનમાર બોર્ડર સુધી પહોંચ્યા હતાં. અમે ટેક્સીવાળા સાથે વાત કરવા પ્રયાસ કર્યો પણ ભાષની જાણકારી ન હોઇ ઇશારા સિવાય વાત થઇ શકતી નહોતો. ટેક્સીવાળાએ એક ત્રણ માળના મકાનમાં જવા ઇશારો કર્યો હતો. પણ અમને અહિ ફસાઇ ગયાનું લાગતાં અમે ડરી ગયા હતાંઉ આ મકાનમાં વાઇ-ફાઇ કનેક્ટ કરી અમે મેહુલને અમારે હવે નોકરી નથી કરવી તેમ કહેતાં મેહુલે કહેલુ કે મારી ગાડી ખરાબ છે નહિતર હું જ તમને લેવા આવવાનો હતો. આ પછી અમે તેના પર વિશ્વાસ રાખી બોટ અને ગાડી મારફત મ્યાનમાર બોર્ડર ક્રોસ કરી હતી. બાદ કોઇ નામ વગરની મોટા ગેઇટવાળી કંપની તરીકે ઓળખાતી જગ્યા પર અમને લઇ જવાયેલ. એ પછી ડ્રાઇવર સહિત અમને ચારેયને એક મહિલા કે જે પોતાને એચ.આર. તરીકે ઓળખાવતી હતી તે અંદર લઇ ગઇ હતી. ત્યાં ઓફિસમાં એગ્રીમેન્ટ કરાવેલ. જે થાઇ ભાષામાં હતું.

અમે મેહુલને પુછતાં તેણે ભરોસો આપતાં અમે સહી કરી હતી. મેં અને અદનાને સહી કરી હતી. પણ અબ્દુલે ટાઇપીંગ કામ અને અંગ્રેજીમાં પુછાયેલા જવાબ સરખા ન આપતાં તેને વધુ તાલિમ માટે ૧૦ દિવસ ફાળવી આપ્યા હતાં. એ પછી એચ.આર. અને મેહુલને જો અબ્દુલ સાથે એગ્રીમેન્ટ ન થાય તો અમારે પણ કામ નથી કરવું તેવુ કહેલુ. પણ કોઇએ અમારુ સાંભળ્યુ નહોતું. અમને સીધા સ્ટાફને ફાળવેલા રૂમમાં શીફ્ટ કરી દીધા હતાં. અહિ અમારા ત્રણ સિવાય બીજા ભારતીય લોકો પણ હતાં. જે નાઇટ ડ્યુટી કરીને આવ્યા હોઇ સુતા હતાં.

આ પછી અહિ નોકરી કરતાં લોકો પાસેથી માહિતી મળી હતી કે અહિ કેવુ ફ્રોડ થાય છે. કામની અને ટોર્ચરની વાતો સાંભળી અમે ડરી ગયા હતાં. મેહુલ, રીઝવાનને પાછા જવા માટે પુછતાં હતાં. કંપની દ્વારા મને 'ડે', કાદીરને 'મા' અને અદનાનને 'માટી' નામ અપાયા હતાં. આ નામના સ્ટીકર લગાવેલા આઇફોન અમને આપ્યા હતાં. અમને સૌપ્રથમ શીખવાડાયુ હતું કે અમારે કોઇ છોકરીના નામ વાળી કોમન આઇડી પરથી કોઇપણ પ્રોફાઇલ જોવાની અને આગળ ફ્રોડ કરવા માટે દરેક વ્યક્તિએ ત્રણ કેરેક્ટર ડેવલોપ કરવાનુ ટાસ્ક અપાયેલ.

પાંચ દિવસ અમારા કામમાં અમોએ જાતે કોઇ ફ્રોડ કર્યુ નહિ. આ સ્વિયા રીઝવાન અને મેહુલ પણ કંપની ખાતે આવ્યા નહોતોં. રીઝવાન માટે તેના પરિવારે ધોરાજીથી મોકલેલ પાર્સ લેવા પણ રીઝવાન આવ્યો નહોતો. અમે રીઝવાન, મેહુલને વોઇસ કોલથી અમારે અહિ કામ નથી કરવું તેમ કહ્યું હતું. પણ આ બંનેએ આશ્વાસન આપ્યુ હતું. આ પછી મેં અને અબ્દુલે કામ બંધ કરી દીધુ હતું, અદનાને કામ ચાલુ રાખ્યું હતું. મેં સુપરવાઇઝરને મારી વાઇફની તબીયત બગડી હોઇ પરત જવું પડશે તેમ કહેતાં અમારી ટીકીટ કરાવવાના બહાને અમારા પાસપોર્ટ, મોબાઇલ, રોકડ બધુ લઇ લીધુ હતું. કપડા સામાન સાથે અમને કંપનીની બહાર કાઢી મુક્યા હતાં. પછી અમને કારમાં બેસાડી લઇ ગયેલ અને ખુબ હેરાન કર્યા હતાં. અમે ત્યાંથી નીકળી શક્યા નહોતાં. એક આર્મીમેને અમને અમારા પરિવાર સાથે વ્હોટ્સએપ કોલથી વાત કરાવી હતી. અમે ગૂગલ ટ્રાન્સલેટના ઉપયોગથી વાત કરી હતી.

બાદમાં અમે મે સોટ તરફ જંગલના રસ્તે ચાલીને નીકળ્યા હતાં. ત્યાં સ્થાનીક અમારી ભાષા સમજતા નહોતાં. થાઇ આર્મીને અમે ગૂગલ ટ્રાન્સલેટથી અમારી આપવીતી જણાવતાં અમને જમવાનું, પાણી આપ્યું હતું. એ પછી ફોટા ખેંચી બેગ ચેક કરી આર્મી કેમ્પ તરફ લઇ જઇ બીજી ગાડીમાં ઇમિગ્રેશન ખાતે લઇ ગયા હતાં. જ્યાં અધિકારીઓને અમે આપવીતી જણાવી હતી. પછી અમારા પરિવારના સભ્યો સાથે વાત કરાવી હતી. ત્યારબાદ રહેવા સહિતની વ્યવસ્થા કરાવી હતી. અમારા ઓળખીતાનો પટાયા સાથે સંપર્ક કરી બાદમાં ૮/૧/૨૫ના રોજ ઇમર્જન્સી પાસપોર્ટની મદદથી ઇન્ડિયન એમ્બસીએ અમને પ્રોસેસ પુરી કરાવી હતી અને ફ્લાઇટમાં રવાના કરતાં અમે પુના ખાતે પહોંચ્યા હતાં. પુનાથી અમદાવાદ થઇ બાદમાં અમારા ઘરે આવ્યા હતાં. અત્યાર સુધી બદનામીના ડરે ફરિયાદ કરી નહોતી. પણ અમને ફસાવનારો રીઝવાન ધોરાજીમાં જોવા મળતાં અમે પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં જણાવતાં પીઆઇ આર. જે. ગોધમે તપાસ હાથ ધરી બંને શખ્સોને દબોચી લઇ પુછતાછ હાથ ધરી છે. ભોગ બનનાર યુવાનના કહેવા મુજબ ભારતના બીજા યુવાનો પણ એ કંપનીમાં હાજર હતાં. આ જોતાં સમગ્ર દેશમાંથી નોકરી વાંચ્છુઓને આ રીતે ફ્રોડથી બેંગકોક લઇ જઇ ફ્રોડના કામમાં જોતરી દેવામાં આવતાં હોવાનો પર્દાફાશ થયો છે.

### નશો નાશનું મુળ આ વાત સૌ જાણે છે છતાં કેટલાક બેફામ બની ઢીંચે છે પછી થાય છે હેરાન

# દારૂની માથે દવા પીતા પ્રોઢનું મોતઃ યુવાન ત્રીજા માળેથી પડ્યો

### ખેત મજૂરી કરતાં પ્રૌઢ નશામાં ભાન ભુલી ઝેરી દવા પી જતાં જિંદગીથી હાથ ધોયાઃ એક યુવાને દારૂ પી ઘરવાળી સાથે બખેડો કરતાં પત્નિએ પુરી દેતાં બાલ્કનીમાંથી નીચે ઉતરતી વખતે પટકાતાં ગંભીર ઇજા

રાજકોટઃ કહેવાય છે કે નશો નાશનું મુળ છે. ઘણીવાર દારૂ કે બીજા કોઇ પદાર્થનો નશો કરનારા પોતે તો હેરાન થતાં જ હોય છે બીજાને પણ પરેશાનીમાં મુકી દેતાં હોય છે. બે આવી ઘટના સામે આવી છે જે નશેડીઓ માટે લાલબત્તી સમાન બની ગઇ છે. એક બનાવમાં દારૂનો નશો કર્યા બાદ એક પ્રૌઢે ઝેરી દવા ગટગટાવી લેતાં તેને જિંદગીથી હાથ ધોવા પડ્યા હતાં. બીજા બનાવમાં એક યુવાને ચિક્કાર દારૂ પીધા પછી 'પી કે ગીરપડે' જેવું થયું હતું. આ યુવાને દારૂના નશામાં પત્નિ સાથે ઝઘડો કરતાં પત્નિ તેને ચોથા માળે ફ્લેટમાં પુરી નીચે ઉતરી જતાં આ મહાશય બાલ્કનીમાંથી કેબલ પકડી નીચે ઉતરવા જતાં ત્રીજા માળેથી કેબલ હાથમાંથી છટકી જતાં નીચે પટકાતાં ગંભીર ઇજા સાથે હોસ્પિટલના ખાટલે પહોંચવાની વેળા આવી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ રાજકોટ જીલ્લાના જસદણના ઝુંડાળા ગામે બન્યો છે. અહિ વાડીમાં રહી મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના પ્રૌઢે દારૂના નશામાં ઝેરી દવા પી લેતાં તેની જિંદગીનો અંત આવી ગયો હતો. વધુ માહિતી પર નજર કરીએ તો મુળ મધ્યપ્રદેશના શીલદાર રતનસિંગ ચૌહાણ નામના પચાસ વર્ષની વયના પ્રૌઢ જસદણના ઝુંડાળા ગામે બાલુભાઇની વાડીમાં રહી મજૂરી કરતાં હતાં. સાંજે તેમણે વાડીએ હતાં ત્યારે ઝેરી દવા પી લેતાં જેતપુર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થતાં પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. દારૂના દૈત્યને એક મજૂર પરિવારના મોભીને છીનવી લેતાં સ્વજનોમાં આક્રંદ વ્યાપી ગયું હતું.

આ બનાવની જાણ સિવિલ હોસ્પિટલ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ, ચંદ્રસિંહ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ આટકોટ પોલીસને





જાણ કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં બે પુત્રી અને ત્રણ પુત્ર છે. પોતે બે બહેનના એકના એક ભાઇ હતાં. પરિવારજનોએ જણાવ્યું હતું કે તેમને નશો કરવાની આદત હતી. દારૂના નશામાં જ તેમણે ઝેરી દવા પી લીધી હતી.

જ્યારે બીજી ઘટના જોઇએ તો નશો કર્યા પછી માણસ કેવુ કેવુ કરતો હોય છે તેની તેની પ્રતીતિ થઇ રહી છે. રેલનગરમાં રહેતાં એક યુવાને દારૂનો નશો કર્યા બાદ પત્નિ સાથે માથાકુટ ચાલુ કરતાં પત્નિ વધુ ડખ્ખો ન થાય તે માટે પતિને રૂમમાં પુરી ફ્લેટમાંથી નીચે ઉતરી ગઇ હતી. બીજી તરફ નશાની હાલતમાં આ યુવાને ગેલેરીમાંથી કેબલ પકડી નીચે ઉતરવાનો પ્રયાસ કરતાં ત્રીજા માળ સુધી નીચે ઉતર્યા બાદ હાથમાંથી કેબલ છટકી જતાં નીચે પટકાતાં ગંભીર ઇજા થઇ હતી. રેલનગર સાધુ વાસવાણી કુંજ એપાર્ટમેન્ટમાં ચોથા માળે રહેતો સુનિલભાઇ પરષોત્તમભાઇ સાવલાણી નામના ચાલીસ વર્ષના યુવાન ઘરે ત્રીજા માળેથી નીચે પડતાં ગંભીર ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં સિવિલ હોસ્પિટલ મારફત પ્રદ્યુમનનગર પોલીસને જાણ કરાઇ હતી.

વધુ વિગતો મુજબ સુનિલભાઇ બે ભાઇ અને ચાર બહેનમાં નાના છે અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. તેને સંતાનમાં ત્રણ પુત્ર છે. સવારે ભાનમાં આવેલા સુનિલભાઇએ કહ્યું હતુ કે પોતાને મિત્ર સહિતે સાંજે દારૂ પીવડાવ્યો હતો. બાદમાં પોતાને પત્નિ કોમલ સાવલાણી સાથે માથાકુટ થતાં પત્નિ તેને રૂમમાં પુરીને નીચે ઉતરી જતાં પોતે ચોથા માળની બાલ્કનીમાંથી બહાર નીકળવા કેબલ પકડી નીચે ઉતરતો હતો ત્યારે ત્રીજા માળ સુધી પહોંચ્યા બાદ હાથમાંથી કેબલ છટકી જતાં પડી જતાં ઇજા થઇ હતી. તેમને હાથમાં, માથા, મોઢા પર અને શરીરે ઇજાઓ થઇ હતી. આમ દારૂનો દૈત્ય કઇ રીતે માણસ માટે જોખમી બની જતો હોય છે તેની પ્રતીતિ આ આ ઘટનાઓ કરાવે છે.

# ગોંડલ તાલુકા ભાજપમાં બે મહામંત્રીની નિમણુંક

### કોલીથળના ઉપસરપંચ જગદીશભાઈ હાંસલિયા અને અનીડા ભાલોડી ગામના સરપંચ સામતભાઈ બાંભવાની કરાઈ નિમણુંકો

રાજકોટ મિરર, ગોંડલ તા.૫

શિસ્તને વરેલા પક્ષ ભાજપ દ્વારા સમયાંતરે નાનામાં નાના માણસની પણ કદર કરવામાં આવે છે. ખાસ કરીને ફરજ પરત્વે સંનીષ્ઠતા દાખવનાર કાર્યકર કે આગેવાનને ભાજપ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે. આવી વાત સાબિત થઇ હોવાની વિગતો આપતા ગોંડલ તાલુકા ભાજપના પ્રમુખ અશ્વિન ઠુંમરએ ''રાજકોટ મિરર''ને જણાવ્યું હતું કે. કોલીથળ ગામના ઉપસરપંચ અને ગામના પાણી વિતરણ માટે વાલ્વમેન તરીકે ફરજ બજાવતા જગદીશભાઈ હાંસલીયાની ગોંડલ તાલુકા ભાજપના મહામંત્રી તરીકેની નિમણૂક કરવામાં આવી છે. ભાજપ દ્વારા આવી રીતે નાનામાં નાના કાર્યકરને તાલુકા ભાજપ મહામંત્રી તરીકેની જવાબદારી સોંપીને જગદીશભાઈમાં અતૂટ વિશ્વાસ મૂક્યો તે મહત્વની વાત છે.



જગદીશભાઈ હાંસલિયા



સામતભાઈ બાંભવા

જ્યારે અનિડા ભાલોડી ગામના સરપંચ તરીકેની ફરજ બજાવતા સામતભાઈ બાંભવાની પક્ષ પ્રત્યેની વફાદારી અને કામગીરીની નોંધ લઈને તેઓને પણ ગોંડલ તાલુકા ભાજપના મહામંત્રી તરીકે રીપીટ કરાયા છે. રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા દ્વારા અપાયેલી આ બંને નિમણુંકોને ગોંડલ તાલુકા ભાજપના પ્રમુખ અશ્વિન ઠુંમરે આવકારીને બંનેને અભિનંદન આપ્યા છે.

તેમજ પોતપોતાના ગામોમાં પ્રજા પ્રશ્નોને નિવારવા સતત જાગૃતતા બતાવે તેવી આશા સેવાઈ રહી છે. (ફોટો : કુલદીપસિંહ જાડેજા)

# બળધોઈ ગામે તળાવ સુધારણાની કામગીરીનો શુભારંભ કરાવતા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા

રાજકોટ મિરર, તા.૫

''સુજલામ સુફલામ જળ સંચય અભિયાન-૨૦૨૫'' તથા ''કેચ ધ રેઈન ૨.૦'' અંતર્ગત જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ રાજકોટ જિલ્લાનાં જસદણ તાલુકાનાં બળધોઈ ખાતે સોનારીયા તળાવ ઉંડું કરવાના કામનો શુભારંભ કરાવ્યો હતો. તળાવ સુધારણાની કામગીરી રાજકોટ જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગના યાંત્રિક વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. આ કામગીરી અન્વયે તળાવને ઉંડું ઉતારવામાં આવશે. તળાવની માટીનો ઉપયોગ આસપાસનો પાળો મજબુત બનાવવામાં કરવામાં આવશે. માટીના પાળા પર પથ્થરોનું પીચીંગ કરવામાં આવશે. સોનારીયા તળાવના કારણે બળધોઈ ગામ તથા આસપાસના વિસ્તારની જમીન નવપલ્લવિત થશે.

આંગળીના ટેરવે ઈન્ટરનેટ અને સોશિયલ મિડીયાની સુવિધા કેટલાક માટે બની શકે છે જોખમી

# જીવલેણ ઘેલછા

# ફોલોઅર્સ ન વધતાં યુવાને મોતનો રસ્તો પકડી લીધો!

## સોશિયલ મિડીયા પર સાત હજારથી વધુ ફોલોઅર્સ હતાઃ સુપરસ્ટાર બનવા માટે વધુ ચાહકોની જરૂર હતી પણ એમ ન થતાં એકવીસ વર્ષના યુવાને ઝેર પી જીવ આપ્યો

રાજકોટઃ આજના યુગમાં ઈન્ટરનેટની સુવિધા આંગળીના ટેરવે અને સાવ મફતના ભાવમાં કે પછી મફતની જેમ ઉપલબ્ધ છે. આ વચ્ચે સોશિયલ મિડીયાનો ઉપયોગ પણ ખુબ વધ્યો છે. નાના મોટા સૌ કોઈ આ માધ્યમાં પોતાની આઈડી ધરાવતાં હોય છે અને પોતાની તસ્વીરો, રીલ્સ વગેરે શેર કરતાં હોય છે. જો કે આ બધુ મનોરંજન માટે કે પોતાના આનંદ માટે થાય ત્યાં સુધી વાંધો નથી હોતો. પરંતુ સોશિયલ મિડીયાની ઘેલછા ઘણીવાર જીવલેણ બની જતી હોય છે. જે તે યુવક યુવતિ કે પછી સગીરો પોતે બનાવેલી રીલ્ક કે પછી તસ્વીરો પોતાના આઈડી પર પોસ્ટ કરે પછી તેને કેટલાક લોકોએ લાઈક કરી, કેટલાએ ફોલો કરી એ જોવામાં જ સમય વિતાવે છે અને જો વધુ લાઈક્સ ફોલોઅર ન મળે તો ઘણીવાર આવા યુવાનો, તરૂણો ડીપ્રેશનમાં આવી જતાં હોય છે અને ન ભરવાના પગલા ભરતાં હોય છે. આવી જ એક ચોંકાવનારી લાલબત્તી સમાન ઘટના સામે આવી છે જેમાં એકવીસ વર્ષના યુવાનની રીલ્સના ફોલોઅર્સ નહિ વધતાં હતાશાને કારણે આપઘાત કરી લીધો હતો.

લાલબત્તી સમાન એવી આ ઘટના પર નજર કરીએ તો સુરતના કુદિયાણાનો એકવીસ વર્ષીય પ્રતિક પટેલ સોશિયલ મીડિયા પર રિલ્સ પોસ્ટ કરતો હતો. તેના હજારથી વધુ તેના ફોલોઅર્સ હતા. તેને સોશિયલ મિડીયા પર સુપર સ્ટાર બનવું હતું પરંતુ અન્ય સ્પર્ધકોની તુલનામાં પ્રતક પાછળ પડી રહ્યો હતો. જેથી તે છેલ્લા ઘણા સમયથી હતાશા અનુભવી રહ્યો હતો. જેથી પ્રતિકે પહેલી એપ્રિલના દિવસે ગામના ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર ઝેર પી લીધું હતું. પરિવારે પ્રતિકને તાત્કાલિક સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું. મૃતક પુત્રનાં પિતા ઈશ્વરભાઈ પટેલે પોલીસને નિવેદન આપ્યું હતું કે પ્રતિક છેલ્લા ઘણા સમયથી સુપરસ્ટાર બનવાની કોશિશ કરતો હતો.

પરંતુ તે ઈન્ફલુઅન્સર તરીકે સફળ નહીં થતાં તેણે હતાશામાં ઝેર પી લીધું હતું. ગામની નવી કોલોનીમાં રહેતા રીક્ષા ડ્રાઈવર ઈશ્વરભાઈ જમુભાઈ પટેલનો એકવીસ વર્ષીય પુત્ર પ્રતિક અનેક ફિટનેસ મેળાઓમાં ભાગ લઈ મેડલથી સન્માનિત થયો હતો. પ્રતિક પટેલને સુપરસ્ટાર બનવાની મહેચ્છા હતી. તે રોજ ફિટનેસ સેન્ટરમાં જવા સાથે જિલ્લા અને તાલુકા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યો હતો. પ્રતિકે અલગ અલગ પ્રકારની ૩૭૬ રિલ્સ બનાવી પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટર કરી હતી. તેના ૭, ૯૨૩ ફોલોઅર્સ હતા. તે પોતાના ફોલોઅર્સ વધારવા સતત અપીલ કરી રહ્યો હતો. પરંતુ ફોલોઅર્સ વધતા ન હોઈ હતાશામાં આવીને તેણે મોતનો રસ્તો અપતાવી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

અહિ ઉલ્લેખનિય છે કે આજના યુગમાં લગભગ બધા સોશિયલ મિડીયા વાપરે છે પરંતુ તે આપણા પર હાવી ન થાય તે જોવાની જવાબદારી પણ આપણી છે. લોકોના માનસિક સ્વાસ્થ્યને અસર કરતા કેટલાક પરિબળો છે જેમાંનું એક મોટુ ઘટક એ સોશિયલ મીડિયા પણ છે. એકવીસમી સદીને ડિજિટલ યુગ કહેવામાં આવે છે. આ ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા દરેક માણસનું અભિન્ન અંગ બની ગયું છે. વિવિધ સોશિયલ મીડિયાના માધ્યમો દ્વારા લોકો એકબીજાથી જોડાયેલા રહે છે. દરેક બાબતના ફાયદા અને ગેરફાયદા હોય છે. એ જ રીતે સોશિયલ મીડિયાના પણ ફાયદા અને ગેરફાયદા છે.

જો સોશિયલ મીડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો તે ખૂબ ફાયદાકારક છે. પણ જો સોશિયલ મીડિયાનો અતિ દુરૂપયોગ કરવામાં આવે તો તે ઘાતક બની જાય છે જેની સીધી અસર લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર થાય છે.




## સોશિયલ મિડીયાને કારણે યુવાધન માનસિક વિકૃતીનો બને છે ભોગઃ એંસી ટકા બાળકોને હોમવર્ક, ભણવા કરતાં વધુ ગમે છે સોશિયલ મિડીયાઃ બાણુ ટકા લોકો છ કલાકથી વધુ સમય ફાળવે છે સોશિયલ મિડીયા માટે પરિવાર વચ્ચેના સંબંધોમાં પણ નકારાત્મક અસરો

એક સંશોધન મુજબ સૌથી વધુ સોશિયલ મીડિયાનો ઉપયોગ યુવાધન કરી રહ્યો છે તેથી સૌથી વધુ સમસ્યા પણ યુવાધન ભોગવી રહ્યા છે. દિવસે દિવસે લોકો વધુ માનસિક વિકૃતિનો ભોગ બનતા જાય છે જેને અંતર્ગત મનોવિજ્ઞાનના અદ્યાપક ડૉ. ડિમ્પલ રામાણી અને આનો અભ્યાસ કરતા વિદ્યાર્થી ચૌધરી વિષ્ણુ દ્વારા એક સર્વે કરવામાં આવ્યો છે, જેના કેટલાક પ્રત્યુત્તરો આ મુજબ છે. ૮૦ ટકા બાળકો હોમવર્ક કે ભણવા કરતા સોશિયલ મીડિયા પર વધુ ધ્યાન આપે છે.જેના કારણે બાળકોમાં મેદસ્વીતાનું પ્રમાણ પણ વધી ગયું જોવા મળે છે.બાળકો માટે રિયલ લાઈફ કરતા રીલ લાઈફ બની ગઈ હોય એવુ લાગે છે. ૭૯.૪૦ ટકા લોકો ઘરકામ અથવા અન્ય પ્રવૃત્તિ ઉપરાંત મોટાભાગનો સમય સોશિયલ મીડિયાને આપે છે. ૯૨ટકા લોકો ૬ કલાકથી વધુ સોશિયલ મીડિયાને સમય આપે છે.

૯૭.૪ ટકા લોકોનું કહેવું છે કે હવે અમે સોશિયલ મીડિયા વિના રહી શકીએ એમ નથી, જેની નકારાત્મક અસર વધુ જોવા મળે છે. ૭૭.૬૦ ટકા લોકોનું કહેવું છે કે સોશિયલ મીડિયાના કારણે અમારા પરિવાર વચ્ચેના સંબંધોમાં નકારાત્મક અસરો જોવા મળી છે. ૭૩.૪૦ ટકા લોકોનું કહેવું છે કે અમે સોશિયલ મીડિયા નો ઉપયોગ નવી નવી માહિતી મેળવવા અથવા માત્ર મનોરંજન માટે કરીએ છીએ.

આ ઉપરાંત ૭૯ ટકા લોકોનું કહેવું છે કે અમે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા સમયે એકાંતમાં રહેવાનું વધુ પસંદ કરીએ છીએ. ૮૦ ટકા લોકો સોશિયલ મીડિયાના કારણે બીજા સાથે સમાયોજન કરી શકવાની ક્ષમતા ધરાવતા નથી. ૭૮.૫ ટકા લોકોમાં સોશિયલ મીડિયા ના ઉપયોગથી વ્યક્તિગત કૌશલ્યમાં ઘટાડો થતો જોવા મળ્યો છે.

૫૯.૮ ટકા લોકો સોશિયલ મીડિયા દ્વારા કોઈપણ પ્રકારના સાયબર ક્રાઈમ નો ભોગ બની ચૂક્યા છે. મોટાભાગે ૧૦ વર્ષેથી લઈને ૪૦ વર્ષ સુધીના વ્યક્તિઓમાં સોશિયલ મીડિયાનું વળગણ જોવા મળ્યું છે.

વધારે પડતો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાથી ઉદાસી, અસંતોષ, હતાશા, ઘ આવવામાં વિક્ષેપ, તણાવ, ચીડિયાપણું, એકલતા વગેરે જેવી માનસિક બીમારીઓનો ભોગ બની શકે છે.

તેમજ બાળકોમાં ધ્યાન ન ટકાવી રાખવાની બીમારીઓ પેદા થાય છે. જેના કારણે ડિસ્લેક્ષિયા જેવી ભૂલવાની મનોવિકૃતિઓ પેદા થાય છે. વધુ પડતો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાના કારણે ડિપ્રશન જેવી સ્થિતિ પણ સર્જાઈ શકે છે. ખાસ કરીને કિશોરો અને યુવાન વયસ્કોમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ ચિંતા અને હતાશાની લાગણીઓને વધારી શકે છે.

સોશિયલ મીડિયાના કારણે વ્યક્તિગત સંબંધોમાં દુરી આવવાથી માનસિક સંઘર્ષ ઉત્પન્ન થાય છે. સોશિયલ મીડિયાના વધુ ઉપયોગના કારણે વ્યક્તિમાં આળસ પણ જોવા મળે છે. આમ સોશિયલ મિડીયા જેટલુ ઉપયોગી છે એટલુ જ કષ્ટદાયક પણ છે. માટે સાવચેત રહેવું જરૂરી છે.

# બાળકોની હોસ્પિટલમાંથી પતિ પુત્રને પરાણે લઈ ગયોઃ પછી પત્નિને બેડલા બોલાવી ધોકાવી

## દેવપરાની મહિલાએ બે વર્ષના પુત્રને કમળાની સારવાર માટે દાખલ કર્યો હતોઃ અહિથી પતિ તેને લઈ ગયો હતોઃ પોતે પતિને ગમતી ન હોઈ બેડલા બોલાવી મારકુટ કર્યાનો આક્ષેપ





રાજકોટઃ શહેરની સિવિલ હોસ્પિટલની સામેના ભાગે આવેલી ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ બે વર્ષના બાળકને તેનો જ પિતા પોતાની પત્નિ સાથે માથાકુટ કરીને લઈને નીકળી જતાં અને બાદમાં જો દિકરાને જોઈતો હોય તો બેડલા ગામે આવીને લઈ જવાનું તેણે પોતાની પત્નિને કહેતાં પત્નિ બેડલા ગામે જતાં પતિ સહિતનાએ બેફામ માર મારતાં સારવાર માટે દાખલ થવું પડ્યું હતું. ત્રણ સંતાનની મા એવી આ મહિલાને પતિએ હવે તું ગમતી નથી તેમ કહીને મારકુટ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયા રોડ પર દેવપરા સિંદુરીયા ખાણ પાસે ઝૂપડામાં રહેતી પચ્ચીસ વર્ષની રતનબેન અજય સારોલીયાને બે દિવસ પહેલા તેણી બેડલા ગામે ગઈ ત્યારે પતિ અજય, દિયર રાહુલ સહિતનાએ ધોકા-પાઈપ-ઢીકાપાટુનો માર મારતાં દુઃખાવો થતાં ગત સાંજે સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે એરપોર્ટ પોલીસને જાણ કરી હતી. સિવિલ હોસ્પિટલના બીછાનેથી રતનબેને કહ્યું હતું કે પોતે અને પતિ તથા બાળકો હાલ સિંદુરીયા ખાણ પાસે રહે છે અને ભંગારનો ધંધો કરે છે. સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. બે વર્ષના દિકરા દેવકુને તાવ આવતો હોઈ અને કમળાની અસર થઈ હોઈ તેને ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કર્યો હતો. અહિથી પતિ અજય અને સાસરિયા દેવકુને પરાણે લઈ ગયા હતાં.

ત્યાર પછી પોતાને પતિએ જો દિકરાને જોઈતો હોય તો બેડલા આવીને લઈ જા તેમ કહેતાં પોતે ત્યાં દિકરાને લેવા જતાં પતિ સહિતનાએ મારકુટ કરી હતી. પતિએ હવે તું ગમતી નથી, તને રાખવી નથી તેમ કહીને મારકુટ કરી હતી. રતનબેનના આ આક્ષેપો અંગે પોલીસે તપાસ શરૂ કરી હતી.

### બેભાન હાલતમાં આધેડ અને પ્રૌઢનું મોત

બીજી તરફ સિવિલ હોસ્પિટલમાં અપમૃત્યુની ઘટનાઓ બની હતી.

જેમાં મોરબી રોડ પર જય જવાન જય કિસાન સોસાયટી-૪માં રહેતાં સંજયભાઈ ગોવિંદભાઈ અજાણી નામના સુડતાલીસ વર્ષના આધેડ ઘરે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. સંજયભાઈ બે ભાઈ અને એક બહેનમાં બીજા હતાં અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં એક પુત્ર છે. સંજયભાઈના મૃત્યુથી પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

જયારે અન્ય એક બનાવમાં રાજકોટના મોરબી રોડ પર આવેલા બેડી ગામે રહેતાં હર્ષદભાઈ સોમાભાઈ જાદવ નામના પિસ્તાલીસ વર્ષના આધેડ ઘરે બેભાન થઈ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. તે ત્રણ ભાઈ અને એક બહેનમાં બીજા હતાં. સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતાં હતાં. આ બંનેને કેન્સરની બિમારી હોવાનું તેમના સગાએ જણાવ્યું હતું.હોસ્પિટલ ચોકીના રામશીભાઈ, ચંદ્રસિંહ, તૌફિકભાઈ, ભાવેશભાઈ, ધર્મેન્દ્રભાઈએ બી-ડિવીઝન અને કુવાડવા પોલીસને જાણ કરતાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# રાધેશ્યામ સોસાયટીમાં ઓગણત્રીસ વર્ષના યુવાનનું મોતઃ પરિવારનો હતો આધારસ્તંભ

## છાતીમાં દુઃખાવો ઉપડ્યો, ઉલ્ટી થઈ પછી ત્રણ ત્રણ હોસ્પિટલ ફેરવીઃ પણ જીવ બચી ન શકયોઃ શોકની કાલીમા



રાજકોટઃ આધેડ, પ્રૌઢ અને વૃધ્ધાવસ્થામાં છાતીમાં દુઃખાવા ઉપડે અને મૃત્યુ થાય તેની સાથે સાથે યુવાનોના પણ મૃત્યુ થવાના બનાવ વધી ગયા છે. શહેરની રાધેશ્યામ સોસાયટીના ઓગણત્રીસ વર્ષના યુવાનનું છાતીમાં દુઃખાવો ઉપડતાં અને ઉલ્ટી થયા બાદ તબિયત બગડતાં તેનું મોત થયું હતું. પરિવારના એકના એક યુવાન અને આધારસ્તંભ દિકરાના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

વિગતો જોઈએ તો કોઠારીયા રોડ બ્રહ્માણી હોલ પાસે રાધેશ્યામ સોસાયટીમાં રહેતો ઓગણત્રીસ વર્ષનો અક્ષયભાઈ રમેશભાઈ સખીયા નામનો યુવાન ગઈકાલે ઘરે હતો ત્યારે ઉલ્ટી થતાં ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્યાંથી અન્ય ખાનગી હોસ્પિટલમાં રીફર કરાયો હતો. પરંતુ ત્યાં વધુ છાતીમાં દુઃખાવો ઉપડતાં અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ સવારે તેનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર યુવાન એગ્રો કંપનીમાં નોકરી કરતો હતો.

તે એક બહેનથી નાનો અને માતા-પિતાનો એકનો એક પુત્ર હતાં. તેને સંતાનમાં એક દિકરો છે. પિતા રમેશભાઈ રત્નકલાકાર તરીકે કામ કરે છે. યુવાન અને આધારસ્તંભ દિકરાના મૃત્યુથી પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી. હાર્ટએટેક આવી ગયાની શકયતા જણાવાઈ હતી.

# આત્મીય યુનિ.થી ૬-૩૦ વાગ્યે સાયકલોફનનો થશે પ્રારંભ

રાજકોટ મિરર, તા.૫

આજે રામનવમીના પવિત્ર દિવસે સવારે ૬ કલાકે આત્મિય યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે સાયક્લોફનનું આયોજન કરાયું છે ત્યારે તમામ તૈયારી પૂર્ણ કરાઈ છે. ફિટ ઈન્ડિયા ગ્રીન ઈન્ડિયાના ઉદેશને ચરિતાર્થ કરવા આ વર્ષે થીયા થીયરી ઓફ એજ્યુકેશન પ્રસ્તુત રોટરી મીડટાઉન દ્વારા કોર્પોરેશન, સ્વનિર્ભર શાળા સંચાલન મંડળ, રાજકોટ સાયકલ ક્લબ, આત્મિય યુનિવર્સિટી, રાજકોટ શહેર પોલીસ, સદભાવના વૃધ્ધાશ્રમના સહયોગથી ૨૧ કિ.મી ની સાયક્લોફનનું ભવ્ય આયોજન થયું છે. આયોજકોએ ભાગ લેનારા સાયકલીસ્ટો માટે ખાસ સુચનો જાહેર કર્યા છે.

સાયક્લોફનના આયોજકોના જણાવ્યા મુજબ, તમામ સાયકલિસ્ટોએ પોતાની સાથે પાણીની બોટલ રાખવી તેવા આગ્રહ સાથે ખાસ સુચના અપાઈ છે.

આ સાયક્લોફનમાં લોકોની સલામતી માટે રાજકોટ પોલીસનો સ્ટાફ ખડે પગે રહી ફરજ બજાવશે. સ્પર્ધકોએ સવારે ૬ વાગે અચૂક હાજર રહેવાનું છે જ્યારે ૬-૩૦ કલાકે સ્પર્ધાને ફ્લેગ ઓફ કરી દેવાશે. સ્પર્ધાનો રૂટ પણ જાહેર કરી દેવાયો છે. રસ્તામાં સ્પર્ધકો માટે તમામ સપોર્ટ સીસ્ટમ રહેશે.

દર વર્ષની જેમ આ વર્ષે તમામ સાયકલીસ્ટોને એકઠા કરીને રસ્તાઓ પર સાયકલ રાઈડિંગનું રાજકોટ રોટરી ક્લબ ઓફ મીડટાઉન દ્વારા આયોજનમા સૌને ઉત્સાહ બેવડાયો છે. સ્પર્ધકો માટે તમામ રૂટ પર રાજકોટ પોલીસ અને ૧૦૮ મેડીકલ ઈમરજન્સીની સુવિધા ઉપલબ્ધ રહેશે.

# ડમી સ્કૂલનું દૂષણ વિદ્યાર્થીઓના વિકાસ માટે હાનિકારક



**CBSEની ટીમના રાજકોટમાં એક સપ્તાહ પૂર્વે હતા ધામા અનેકવિધ શાળાઓમાં હાથ ધરી તપાસ જે બાદ સ્ટેટ બોર્ડએ કર્યો તપાસનો ધમધમાટ શરૂ**

## શહેરની ઘણી ખરી સ્વનિર્ભર શાળાઓ ચલાવી રહી છે ડમી સ્કૂલ નથી વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા : એક વખત નહીં અનેક વખત રાજ્ય સરકારમાં કરાય છે રજૂઆત છતાં સ્થિતિ જેમ છે તેમ

### નવી શિક્ષણ નીતિ એટલે હોલીસ્ટિક ડેવલપમેન્ટ પરંતુ આ નીતિની ક્યાય અમલવારી નહીં

નવી શિક્ષણ નીતિમાં સરકારનું મુખ્ય લક્ષ્ય એ જ છે કે વિદ્યાર્થીઓમાં હોલિસ્ટિક ડેવલપમેન્ટ ની સ્થિતી ઉદ્ભવે તેના માટે તેમના દ્વારા એવા તમામ વિષયોનો અભ્યાસ કરવામાં આવે જે માત્ર શિક્ષણ પૂરતું નહીં પરંતુ તેમના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી નીવડે પરંતુ જે રીતે ડમી શાળાઓ પોતાનો વ્યાપ વધારી રહી છે તેનાથી વિદ્યાર્થીઓને ઘણી ખરી તકલીફનો પણ સામનો કરવો પડી રહ્યો છે અને તેઓ નવી શિક્ષણ નીતિથી વંચિત થઈ રહ્યા છે.

### વાલીઓની દેખાદેખી વિદ્યાર્થીઓ માટે ચિંતાની સ્થિતિ

**હાલ વાલીઓ પણ દેખાદેખીનો ભોગ બની રહ્યા છે. તેનો ભોગ અંતે વિદ્યાર્થીઓ પણ બને છે. ત્યારે વાલીઓમાં જાગૃતા કેળવવામાં આવે તે જરૂરી છે. પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિમાં જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેનો જડપી નિકાલ લાવવો ખુબજ જરૂરી . વાલીઓએ સમજવાની જરૂર છે કે તેમના બાળકોને કોઈ પણ પ્રકારની તકલીફ ના પડે અને તેમને જે ગમે તે કરે તેનાથી ઘણા પ્રશ્નોનું નિવારણ આવી શકે તેમ છે.**

રાજકોટ, તા. ૫

સમગ્ર ગુજરાતમાં ડમી સ્કૂલનું દૂષણ સતત વધી રહ્યું છે સૌથી મહત્વની વાત તો એ છે કે આ દૂષણના કારણે વિદ્યાર્થી, વાલી અને શાળાને ઘણી નુકશાનીનો સામનો કરવો પડે છે. એવું નથી કે ડમી શાળા ચાલતી હોય તો કોઈને ખ્યાલ ન હોય રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને અને સ્થાનિક શિક્ષણ અધિકારીને પણ આ અંગે પૂર્ણતઃ માહિતી હોતી જ હોય છે પરંતુ ક્યાંક ને ક્યાંક અધિકારીઓ દ્વારા અને સરકાર દ્વારા પણ આંખ આડા કાન કરવામાં આવતા હોય તેવું શિક્ષણ તજજ્ઞ જણાવી રહ્યા છે. મળતી માહિતી મુજબ હાલ જે પ્રકારે ડમી શાળાનું દુષણ વધી રહ્યું છે તેનાથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ઘણી ઘણી ખરી રીતે અવરોધ ઉભો થઈ રહ્યો છે જેની પાછળ જો કોઈ જવાબદાર હોય તો તે ડમી શાળાઓ જ છે. હાલ રાજકોટની જો વાત કરવામાં આવે તો આ દૂષણ વ્યાપક પ્રમાણે વધી રહ્યું છે જેના પર અંકુશ લાદવો અત્યંત જરૂરી અને મહત્વનું છે. હાલ મળતી માહિતી મુજબ આ અંગે સ્વ નિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા રાજ્ય સરકારને અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી છતાં પરિસ્થિતિમાં કોઈપણ પ્રકારનો બદલાવ આવી શક્યો નથી જે અત્યંત દુઃખની વાત છે. એક તરફ સરકાર ભાર વગરના ભણતર ની વાત કરે છે તો બીજી તરફ નવી શિક્ષણ નીતિમાં પણ હોલીસ્ટિક ડેવલોપમેન્ટને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે પરંતુ જ્યારે ડમી સ્કૂલનો રાફડો ફાટી ઉઠ્યો હોય ત્યારે આ તમામ નીતિઓ માત્ર કાગળ પર જ સીમિત રહી જાય છે. ત્યારે હવે જરૂરી એ છે કે આ દુષણ ઉપર કેવી રીતે અંકુશ લાદવામાં આવે છે તે અત્યંત જરૂરી છે અને સંયુક્ત પણે રાજ્ય સરકાર અને નિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા આ ગંભીર વિષય પર ચર્ચા વિચારણા બાદ નક્કર આયોજન કરવું ખૂબ જરૂરી છે તેવું શિક્ષણ વિદો જણાવી રહ્યા છે.

રાજકોટની જો વાત કરવામાં આવે તો હાલ રાજ્ય શિક્ષણ વિભાગની ખાસ ટીમ ગાંધીનગરથી આવી હતી અને સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું સૂત્રો દ્વારા જે માહિતી મળી રહી છે તેને ધ્યાને લઈ આ વિશેષ ટીમે રાજકોટની ગણી શકાય તેવી ખ્યાતના સ્વનિર્ભર શાળાઓમાં તપાસ હાથ ધરી અને જરૂરી દસ્તાવેજો પણ લઈ ગયા હોય તેવું જાણવા મળ્યું છે પરિણામ સ્વરૂપે હવે સ્થાનિક શિક્ષણ અધિકારી આ અંગે કયા પ્રકારના પગલાં લેશે તેના પર સૌ લોકોની મીટ છે કા પછી સીધું જ ગાંધીનગરથી જો કોઈ એક્શન લેવામાં આવે તો નવાઈ નહીં. આ થવા પાછળનું સૌથી મોટું કારણ એ છે કે દસ દિવસ પૂર્વે સીબીએસઈની ટીમ દ્વારા શાળાઓમાં તપાસ કરવામાં આવી હતી અને જે તે શાળાના તમામ રેકોર્ડ પણ સાથે લઈ જવામાં આવ્યા હતા જે વાતની જાણ થતાં જ સ્ટેટ બોર્ડ હરકતમાં આવ્યું અને ધડાધડ રાજકોટની શાળાઓમાં તપાસનો ધમધમાટ આગળ ધપાવ્યો પરંતુ હવે જરૂરી એ છે કે આ તપાસ બાદ ક્યા પ્રકારના પગલા લેવામાં આવશે તે અત્યંત મહત્વનું છે કારણ કે આ પ્રકારની તપાસ એકવાર નહીં અનેકવાર ભૂતકાળમાં કરવામાં આવેલી છે છતાં સ્થિતિ જે છે તે મુજબની જ રહી છે અને તેમાં કોઈપણ પ્રકારનો ફેર પડ્યો નથી. સ્વનિર્ભ શાળા સંચાલક મંડળનું માનવું છે કે જ્યારે બાળક પોતાના ફાઉન્ડેશન કોર્સથી જ વંચિત રહે તો તે કેવી રીતે નીટ કે પછી જેઈઈ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી શકે.

એ વાત સ્પષ્ટ છે કે આદિ અનાદિકાળથી ગુરુકુળ પરંપરા હોય કે પછી શાળામાં જતા વિદ્યાર્થીઓ હોય ત્યાં તેઓને માત્ર શિક્ષણ જ નહીં પરંતુ જીવન જીવવા માટેની કળા શીખવવામાં આવતી હોય છે પરંતુ હાલ ઉચ્ચ અભ્યાસની ઘેલછામાં વિદ્યાર્થીઓ લાઈબ્રેરી, લેબોરેટરી, સ્પોર્ટ્સ જેવી પ્રવૃત્તિઓથી દૂર થઈ રહ્યા છે કારણ કે સવારે શાળાના સમયે તેઓ ક્લાસીસમાં બેઠા હોય છે અને શાળામાં ક્યાંક નામ બોલતું હોય અને ક્લાસીસ કંઈક અલગ જગ્યાએ જ કરવામાં આવતા હોય તેવી અત્યંત દયનીય પરિસ્થિતિ ઊભી થયેલી છે જેના પર વાલી શાળા અને વિદ્યાર્થીઓએ ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું ખૂબ જરૂરી છે જો આ પરિસ્થિતિમાંથી વહેલાસર બાર નીકળવામાં નહીં આવે તો વિદ્યાર્થીઓનું ભાવિ સંપૂર્ણપણે અંધકારમાં ધકેલાઈ જશે તેવા કોઈ શંકા નથી. હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે અત્યારે વિદ્યાર્થી પોતાની રીતે કોઈપણ સમસ્યાનો ઉકેલ લાવી શકે તેમ નથી કારણ કે અત્યારે માત્ર ને માત્ર તેઓ પુસ્તકિયું જ્ઞાન મેળવી રહ્યા છે જે જરૂરી છે પરંતુ તેની સાથે અન્ય મૂલ્યોનો અભ્યાસ પણ એટલો જ આવશ્યક છે. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ હવે વાલીઓએ પણ સાવધ થવાની જરૂર છે. એટલું જ નહીં તજજ્ઞોના જણાવ્યા અનુસાર અને સ્વનિર્ભ શાળા સંચાલક મંડળના વિવિધ સંચાલકોના કહેવા મુજબ હાલ વિદ્યાર્થી છઠ્ઠા ધોરણથી જ હવે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તૈયારી કરી રહ્યો છે અને તેના કારણે તે સામાજિક જીવનથી પણ ધીમે ધીમે અલિપ્ત થાય છે જે તેના સર્વાંગી વિકાસ માટે અત્યંત જોખમી છે.



### સ્પર્ધાત્મક પરીક્ષામાં કુલ જગ્યા સામે વિદ્યાર્થીઓની સંખ્યા અનેકગણી

હાલ મળતી માહિતી મુજબ જે વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરી દેતા હોય છે ત્યારે તેઓએ અને તેમના વાલીઓએ એ જાણવું ખૂબ જરૂરી છે કે જેઈઈ અને નિટમાં કુલ ૫૦ લાખ વિદ્યાર્થીઓ આપે છે પરીક્ષા જેમાં આઈઆઈટીમાં લેવાની સંખ્યા માત્ર એક લાખની જ છે તો સામે મેડિકલમાં દોઢ લાખથી બે લાખ સીટ જ ઉપલબ્ધ છે ત્યારે ત્રણ લાખની સીટ માટે કુલ ૫૦ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે તો બાકી રહેતા ૯૫ ટકા વિદ્યાર્થીઓનું ભવિષ્ય શું ? આ વિષય ઉપર ચર્ચા થવી જોઈએ અને યોગ્ય જાગૃતતા પણ કેળવવામાં આવી જોઈએ ખરેખર જે વિદ્યાર્થીઓ અત્યંત બુદ્ધિશાળી છે તેઓએ ખરા અર્થમાં આ પ્રકારની પરીક્ષા માટેની તૈયારી કરે તો યોગ્ય પરિણામ આવી શકે પરંતુ અત્યારે દરેક વિદ્યાર્થીઓને જે ઘેલછા છે કે તેઓને આઈઆઈટી અને મેડિકલમાં પ્રવેશ મેળવવો છે તેઓએ સમજતા નથી કે ખરા અર્થમાં તેમના માટે તે કેટલું મહત્વનું અને અઘરું છે.

### માત્ર સાયન્સ જ નહીં કોમર્સમાં પણ ડમી સ્કૂલનો પગ પેસારો

અત્યાર સુધી જે ડમી સ્કૂલો ધમધમતી હતી તે માત્ર ને માત્ર સાયન્સ ક્ષેત્રે જ હતી પરંતુ હવે આ વ્યવસાય કોમર્સ ક્ષેત્રમાં પણ શરૂ થઈ ગયો છે તજજ્ઞો અને સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર જે કોઈ વિદ્યાર્થીઓને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવું હોય તો તેઓ હવે શાળાને પરંતુ ડમી સ્કૂલનો ઉપયોગ કરી રહ્યા છે જે ખરા અર્થમાં તેમના માટે અત્યંત જોખમી છે કારણ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવું હોય તો ધોરણ ૧૧માં અકાઉન્ટિંગ વિષયને જાણવો પડે સમજવો પડે અને તેનો અભ્યાસ કરવો પડે તો જ પાયાનું જ્ઞાન મળી શકે અને ત્યારબાદ જ તેઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જેવી ફિલ્ડમાં આગળ મહેનત કરી શકે પરંતુ નહીં સ્કૂલમાં જવાથી વિદ્યાર્થીઓને એકમાત્ર એ વાત પર હૈયે ધરો હોય છે કે તેઓ ડમી સ્કૂલમાં જશે તો તેઓને બધું જ આવડી જશે પરંતુ તે માન્યતા તદ્દન ખોટી છે અને તેનાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમાં ધકેલાય છે. આ દૂષણને દૂર કરવા માટે ખરા અર્થમાં હવે શિક્ષણ વિદો અને સ્વનિર્ભસ્ત શાળા સંચાલક મંડળ હોય સંયુક્ત રીતે કોઈ નક્કર પગલાં લેવા પડશે અને ખાસ તો રાજ્ય સરકારે પણ આ પરિસ્થિતિમાંથી શિક્ષણને ઉગારવું પડશે.

### ડમી સ્કૂલને તાળા લગાવવા માટે ઈચ્છા શક્તિ જ જરૂરી

સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના સંચાલકોએ જણાવ્યું હતું કે ડમી સ્કૂલને તાળા મારવા હોય તો ઈચ્છા શક્તિ ખૂબ જરૂરી છે જ્યાં સુધી ઈચ્છા શક્તિ નહીં હોય ત્યાં સુધી આ દૂષણ જેમ છે તેમ જ રહેશે મહત્વનું એ છે કે હાલ રાજ્ય સરકારને પણ આ અંગે માહિતી પૂરેપૂરી છે પરંતુ આજ દિન સુધી એવું કોઈ કામ કરવામાં આવ્યું નથી જેનાથી સંચાલકોને એ વાતનું ડર રહે કે તેઓએ ડમી સ્કૂલ બંધ કરવી પડશે. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈને હવે ખરા અર્થમાં કોઈ નક્કર કામગીરી થાય તે ખૂબ જરૂરી અને અત્યંત આવશ્યક છે જેના માટે યોગ્ય નિયમની અમલવારી અને યોગ્ય કાર્ય પ્રણાલી હાથ ધરવી જરૂરી છે તેવું શિક્ષણવિદો જણાવી રહ્યા છે..

# ભાજપ સ્થાપના દિવસની, રામનવમીની શહેરીજનોને શુભેચ્છા પાઠવતા મોકરીયા-કાનગડ

## દેશહિત જનહિત માટેના દિશાદર્શન સાથેની એક લાંબી તપસ્યા છે : ઉદય કાનગડ

રાજકોટ મિરર, તા.૫

ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા પાર્ટીની પંચનિષ્ઠા એટલે કે સાંસ્કૃતીક રાષ્ટ્રવાદ, સામાજીક સમરસતા, લોકતંત્રમાં અતૂટ વિશ્વાસ, સર્વધર્મ સમભાવ અને મૂલ્ય આધારીત રાજનિતીને લક્ષમાં રાખી લોકોની વચ્ચે કાર્યરત છે અનેક ત્યાગી-તપસ્વીઓના અર્પશ,તર્પણ અને સમર્પણની ભાવનાઓ સાથે તપ, ત્યાગ અને બલિદાનોના સંસ્કારોથી સીંચાયેલ ભારતીય જનતા પાર્ટી આજે વટવૃક્ષ બની છે.

આજે ભારતીય જનતા પાર્ટી વિકાસ અને વિશ્વાસનો પર્યાય બની ચુકી છે અને દેશની વિકાસ યાત્રામાં મુખ્ય સેવક તરીકે તેની ભુમિકા ભજવી રહી છે : 'સોનો સાથ,સોનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ' સુત્ર એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ૫૦ વર્ષની વિચાર કાર્યપદધતિની એકસુત્રતાની સાધના છે.

વિધાનસભા-૨૮, રાજકોટ (પુર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડએ તા. ૪ એપ્રીલ, ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસની પૂર્વસંધ્યાએ પાર્ટીના તમામ કાર્યકર્તાઓને ભાજપના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, ૬ એપ્રીલ ,૧૯૮૦ના રોજ મુંબઈના સમતાનગર ખાતે સ્થાપાયેલી ભારતીય જનતા પાર્ટી આજે વિશ્વની સોથી મોટી રાજકીય પાર્ટી બની છે ત્યારે તેના પાયામાં સંઘ અને જનસંઘની વિચારધારા અને તેની અર્પણ,તર્પણ અને સમર્પણની ભાવનાઓ સાથે તપ, ત્યાગ અને બલિદાનોના સંસ્કારોથી સીંચાયેલ ભારતીય જનતા પાર્ટી આજે વૃક્ષમાંથી વટવૃક્ષ બની છે. ૬ એપ્રિલ એટલે કે લગભગ ચાર દાયકાથી પણ વધુ સમયથી શરૂ થયેલ રાષ્ટ્રવાદ અને વિકાસની રાજનીતિ ધરાવતી ભારતીય જનતા પાર્ટીનો ઉદય અને ઈતિહાસ અત્યંત રસપ્રદ છે. શ્યામા પ્રસાદ મુખર્જીએ ૧૯૫૧માં જનસંઘની સ્થાપની કરી હતી. ૧૯૭૭માં અનેક નાની પાર્ટીઓ ભેગી કરીને જનસંઘનો જનતા પાર્ટીમાં વિલય કરવામાં આવ્યો. આ સમયગાળો હતો જયારે ભારતમાં તત્કાલિક અ`



વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કટોકટી લગાવી લોકોનો વિરોધ વ્હોરી લીધો હતો. ત્યારબાદ જનતા પાર્ટીનો સંઘ પણ લાંબી યાત્રા ન ખેડી શક્યો અને ૧૯૮૦માં અટલ બિહારી બાજપેયીના નેતૃત્વમાં કેટલાક જૂના જોગીઓએ મળીને ભારતીય જનતા પાર્ટીની સ્થાપના કરી.૧૯૮૦ના રોજ મુંબઈના સમતાનગર કિનારા ખાતે અટલબીહારી બાજપાયીજીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની પંચનિષ્ઠાના આધાર ઉપર સ્થાપના કરવામાં આવી અને ભારતીય જનતા પાર્ટીના પ્રથમ અદ્યક્ષ અટલબીહારી બાજપાયીજી બન્યા હતા ત્યારે પોતાના પ્રથમ પ્રવચનમાં અટલજી બોલ્યા હતા કે ' મે જાનતા હું કી ભાજપા કા અદ્યક્ષપદ કોઈ અલંકાર કી વસ્તુ નહી હે, યે પદ નહી દાયિત્વ હે, પ્રતિષ્ઠા નહી હે, પરીક્ષા હે, સમ્માન નહી, ચુનોતી હે, મુજે ભરોસા હે કી આપકે સહયોગ સે દેશકી જનતા કે સમર્થન સે મે ઈસ જીમ્મેદારી કો ઠીક તરહ સે નીભા શકુંગા' અને ત્યારબાદ ૧૯૮૦માં વિધાનસભાની ચૂંટણીમાં ૯ ધારાસભ્યો ભાજપના ચૂંટાયા. ૧૯૮૧માં મહેસાણા

જિલ્લા પંચાયત જિત્યા, ૧૯૮૪માં લોકસભામાં દેશમાંથી ૨૨ સંસદસભ્યો ભાજપમાં ચૂંટાયા હતા જેમાંથી ગુજરાતના મહેસાણામાંથી ડો. એ.કે. પટેલ અને આંધ્રમાંથી જંગા રેડી ચુટાયા હતા.અને ત્યારથી ગુજરાતમાં ભાજપની વિકાસ યાત્રા સતત આગેકદમ કરી રહી હતી. અને ૧૯૯૫થી લાગલગાટ અત્યાર સુધી એટલે કે છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભારતીય

જનતા પાર્ટી પ્રજાકલ્યાણકારી શાસન ચલાવી રહી છે. ૨૦૦૪ થી ૨૦૧૪ના દ્યકામાં કોંગ્રેસના નેતૃત્વમાં દેશમાં ભ્રષ્ટાચાર અને કોભાંડોએ માઝા મુકી તેનું પરિણામ એ આવ્યું કે ૨૦૧૪માં નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહના સબળ નેતૃત્વને કારણે ભારતીય જનતા પાર્ટીને દેશની જનતાએ ૨૮૨ બેઠકોની એતિહાસિક બહુમતી આપી. કોંગ્રેસ પછી જો કોઈ એક પાર્ટીને લોકસભામાં સંપૂર્ણ બહુમતી મળી હોય તેવી ઘટના રાજકીય ઈતિહાસમાં ૨૦૧૪માં પહેલીવાર બની હતી.

ભાજપના રાજકીય ઈતિહાસનું સર્વોચ્ચ શિખર હતું.આમ લોકશાહીના ગર્ભમાંથી જન્મેલ ભારતીય જનતા પાર્ટી આજે કળીમાંથી વટવૃક્ષ બની ચૂકી છે. ભારતીય જનતા પાર્ટી દેશની લોકશાહીને મજબૂત કરવાની સાથોસાથ સમર્પણ સાથે દેશહિત માટે કામ કરી કરી રહી છે. આજે ભારતીય જનતા પાર્ટી વિકાસ અને વિશ્વાસનો પર્યાય બની ચુકી છે.નવા વિચારોનો પર્યાય છે અને દેશની વિજય યાત્રામાં મુખ્ય સેવક તરીકે તેની ભુમિકા ભજવી રહી છે ત્યારે 'સૌનો સાથ,સોનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ' એ દેશના પ્રધાનમંત્રી મોદીની ૫૦ વર્ષની વિચાર કાર્યપદ્ધતિની એકસૂત્રતાની સાધના છે. દેશહિત, જનહિત માટેના દિશાદર્શન સાથેની એક લાંબી તપસ્યા છે.

ત્યારે જનસંઘના સ્થાપક ડો.શ્યામાપ્રસાદ મુખર્જી અને પંડીત દીનદયાલ ઉપાદ્યાયથી શરૂ કરી ભાજપના પ્રથમ અદ્યક્ષ અટલબીહારી બાજપાયીજી જેવા અનેકાનેક ત્યાગી, તપસ્વી, પ્રતાપી અને પરાક્રમી પુર્વજોએ ગુજરાત અને દેશ માટે પોતાની જાતને સમર્પણ કરી અનેક યાતનાઓ ભોગવી અવિરત સંઘર્ષ અને અનેક આંદોલનો દવારા અગીયાર કાર્યકર્તાથી સ્થાપના કરવામાં આવેલી ભારતીય જનતા પાર્ટી આજે નરેન્દ્રભાઈ મોદી, અમિતભાઈ શાહ અને રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડાના નેતૃત્વમાં ૧૭ કરોડથી વધુ સભ્યો સાથે વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની છે, અને ગુજરાતમાં ડબલ એન્જીનવાળી સરકરના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ અદ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ રાજયમાં વિકાસ હરણફાળ ભરી રહયો છે, કેન્દ્ર અને રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે સક્ષમ નેતૃત્વ પુરૂ પાડ્યું છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા છીએ, તેનું ગૌરવ છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા અગીયાર વર્ષોમાં દેશ આજે દરેક ક્ષેત્રમાં જે ઉચાઈઓ હાંસલ કરી છે તેણે દરેક દેશવાસીઓને એક મોટા સંકલ્પ સાથે જોડયા છે. 'વિકસિત ભારત' ના વિઝન સાથે 'નયા ભારત' ની પરિકલ્પના પૂર્ણ કરવા કટીબદધ છે, આજે ભારતીય જનતા પાર્ટી યુવાશક્તિ, મહિલા શકિત, ગરીબ, ખેડૂત




શકિતને વિકસિત ભારતનું નિર્માણ કરવાની શકિત બનાવી રહી છે. દેશના છેવાડાના માનવીની ચિંતા કરવી એ આપણી સંસ્કૃતિ છે,ત્યારે કેન્દ્રીય બજેટમાં ભાજપ સરકારે આવકવેરામાં આમૂલ પરિવર્તન કરીને મદ્યમવર્ગની પણ ચિંતા કરી છે. આ દેશનો મદયમ વર્ગ સામાન્યરીતે સરકારના વિશેષ કોઈ વિશેષ લાભ લીધા વગર આર્થિક વ્યવસ્થાના મદયમાં રહીને આવક અને ખર્ચના બે છેડાને પૂરા કરવા પોતાનું સમગ્ર જીવત વીતાવે છે ત્યારે ભાજપ સરકારે આઝાદી પછી પ્રથમવાર વર્ષે રૂ.૧૨ લાખ (નોકરિયાતને બીજા ૭૫ હજાર) ની આવક સુધી શૂન્ય ટેક્સની નીતિ અમલમાં મુકીને મદયમ વર્ગને સ્વમાન અને સન્માનભેર જીવવાનું મજબૂત નિરાકરણ આપ્યું છે.

વડાપ્રધાનના મજબૂત નેતૃત્વમાં દેશે જે નાણાકીય શિસ્તતા છેલ્લા ૧૦ વર્ષમાં ઉભી કરી છે તેનું આ પરિણામ છે.કૌભાંડો, ભ્રષ્ટાચાર બંધ થયા, ભૂતિયા લાભાર્થીઓ રદ થાય, વચેટીયા હઠી ગયા. ખોટા ખર્ચ અટકી ગયા, આવકના સ્ત્રોતો પરના પંજા ખસી ગયા અને પારદર્શક અને રાષ્ટ્ર પ્રથમની નીતિ ખરા અર્થમાં તમામ નાણાકીય ક્ષેત્રોમાં લાગુ પડવાના કારણે જ મદ્યમવર્ગ માટે આ અભૂતપુર્વ નિર્ણય સરકાર લઈ શકી છે.

કેન્દ્ર અને રાજયમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં વિવિધ વિકાસ કાર્યા હાથ ધરાયા.નગરો સુવિધાઓ ધરાવતા થયાં, નર્મદાના પાણી પણ પહોંચ્યા, પાકા રસ્તાઓની સાથે પેવર બ્લોક પણ લાગ્યા, વિકાસ,સ્વચ્છતા અને શહેરની વિશેષતા ધરાવતાં સુંદર કામો થયાં અને આપણા ગામડાં-નગરો-મહાનગરો ખરા અર્થમાં સુવિધાસભર અને રહેવાલાયક બન્યાં. આમ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દેશમાં અને રાજયમાં આરંભાયેલી વિકાસગંગામાં પ્રયાગરાજ બનાવવા એક થઈ મહાકુંભ સ્વરૂપે નાગરિકોની શ્રદધા અને લાગણી જીતવા સો કટિબદધ બનીએ અને હકારાત્મકતા અને વિકાસની સંકલ્પના સાથે સોને સાથે લઈને આગળ વધીએ.

આમ મજબૂત નેતૃત્વ, પારદર્શક સુશાસન અને વહીવટી કુશળતાની સાથે દેશના મદ્યમવર્ગીય વિકાસપ્રેમી નાગરિકો માટે હદયથી કંઈક કરી છુટવાની ભાવનાને પરિણામે દેશનો અને ગુજરાતનો વિકાસ રથ પૂરપાટ ગતિએ આગળ વધી રહયો છે. સાથોસાથ ભારતીય જનતા પાર્ટીનો દેવદુર્લભ કાર્યકર્તા પાર્ટીની પંચનિષ્ઠા એટલે કે સાંસ્કૃતીક રાષ્ટ્રવાદ, સામાજીક સમરસતા, લોકતંત્રમાં અતૂટ વિશ્વાસ, સર્વધર્મ સમભાવ અને મૂલ્ય આધારીત રાજનિતીને લક્ષ માં રાખી લોકોની વચ્ચે કાર્યરત છે ત્યારે આ વિકાસ યાત્રામાં વિચાર અને સંસ્કારથી ઘડાયેલો સ્વયંસેવક કે કાર્યકર્તા પોતે જ પક્ષના પિડ સાથે જોડાઈ જતો હોય ત્યારે પાર્ટી અને વ્યક્તિ વચ્ચે કોઈ ભિન્નતા રહેતી જ નથી.ભગવા રંગે રંગાઈ ગયેલું દય પોતે જ દરેક બાબતમાં રાષ્ટ્રભકિતનો ધબકાર પ્રગટ કરતું જ રહેતું હોય છે. ત્યારે આજે ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસે આપણે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વિચારધારાથી હદયપૂર્વક રંગાઈ જઈને ખરા અર્થમાં 'કમળકાંતિ' માટે હરહંમેશ આપણી જાતને અને અન્યને તૈયાર કરતા રહીએ અને આપણા 'કર્તૃત્વ'ને સાચા અર્થમાં સાકાર કરી રાષ્ટ્રસાધનામાં જીવનને 'સાર્થક' કરીએ.તેમ સો કાર્યકર્તાના માદયમથી ભારતીય જનતા પાર્ટી આગામી સમયમાં વટવૃક્ષ બને તેવી ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવતા અંતમાં ઉદય કાનગડએ જણાવેલ હતું.

રાજયસભાના સાંસદ રામભાઈ મોકરિયા અને ધારાસભ્ય ઉદયભાઈ કાનગડે રામનવમીના પાવન પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે ભારતીય ઉપખંડના મહત્વના એવા હિંદુ ધર્મના શાસ્ત્રોમાં વર્ણવ્યા અનુસાર જયારે સમાજમાં સત્ય ઉપર અસત્ય, પ્રમાણિકતા ઉપર અપ્રમાણિક્તા, સદાચાર ઉપર દુરાચાર અને ત્રદષિ સંસ્કૃતિ ઉપર દેત્ય શકિતઓ હાવી થવા લાગી ત્યારે શ્રીરામે તેમનો નાશ કરવા અયોદ્યાના રાજા દશરથના ઘેર જન્મ લીધો. તે સમય હતો બપોરના બાર વાગ્યાનો અને તીથિ હતી ચેત્ર સુદ નવમી. શ્રી રામના જન્મદિવસને ઉતરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી બધા રામનવમી તરીકે ધામધુમથી ઉજવે છે. તેવું જણાવી સંસદ અને ધારાસભ્યએ આ પાવન રામનવમીના દિવસની સમગ્ર શહેરીજનોને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.



# DCB, PCB, SOG, ઈક્કો સેલનું વધારાયું સ્ટ્રેન્થ : ૧૩ જવાનોને પોસ્ટિંગ

## હેડ ક્વાર્ટરના ૨૧ પોલીસમેનોને ટ્રાફિક શાખામાં મૂકતા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા

રાજકોટ મિરર, તા.૫

શહેર પોલીસમાં ફરજ બજાવતા કુલ ૩૪ પોલીસ હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલની બદલીનો ઓર્ડર પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા દ્વારા કરવામાં આવ્યો હતો. જે પૈકી ૧૩જવાનોને ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી સહિતની અલગ અલગ બ્રાન્ચમાં પોસ્ટિંગ આપવામાં આવ્યા છે. જયારે હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા ૨૧ જવાનોનો ટ્રાફિક શાખામાં એટેચ ઓર્ડર કરવામાં આવ્યો છે.

બદલી થયેલ પોલીસ કર્મીમાં પેરોલ ફર્લો સ્કવોડના કોન્સ્ટેબલ યોગેન્દ્રસિંહ ઝાલા અને પ્ર.નગર પોલીસના હેડ કોન્સ્ટેબલ અરુણકુમાર બાંભણીયાને એસઓજી, ટ્રાફિકના કોન્સ્ટેબલ હિરેન્દ્રભાઈ પરમારને પીસીબી, યુવરાજસિંહ જાડેજા, યુનિવર્સીટી પોલીસના પરેશભાઈ સોઢીયા અને એ ડિવિઝનના અજયભાઈ બસિયાને આર્થિક ગુના નિવારણ શાખામાં પોસ્ટિંગ આપવામાં આવ્યું છે.



બીજા લિસ્ટ મુજબ થોરાળા પોલીસના જયરાજસિંહ કોટીલા, તાલુકા પોલીસના કુલદીપસિંહ જાડેજા, ભકિતનગરના દિલીપભાઈ આયદાનભાઈ, ટ્રાફિક શાખાના મયુરધ્વજસિંહ અને દીપકભાઈ, માલવિયાનગરના જયદેવસિંહ અને યુનિવર્સીટી પોલીસના ક્રિપાલસિંહ ઝાલાની ક્રાઈમ બ્રાન્ચમાં બદલી કરવામાં આવી છે.

આ ઉપરાંત હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા કુલ ૨૧ હથિયારી હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલનો ટ્રાફિક શાખામાં એટેચ ઓર્ડર કરવામાં આવ્યો છે.

જેમાં સુખદેવસિંહ ગોહિલ, અર્જુનસિંહ ઝાલા, પરાક્રમસિંહ ચુડાસમા, રૂપેશભાઈ ડાંગર, રમેશભાઈ ચાવડા, પ્રદીપસિંહ ચૌહાણ, હિતેન્દ્રસિંહ ગોહિલ, હરેશભાઈ જેઠવા, મેહુલભાઈ ડાભી, ધર્મેશભાઈ રાઠોડ, અલ્પેશભાઈ કણજારીયા, રમેશભાઈ પરમાર, વિશ્વરાજસિંહ ચુડાસમા, મેહુલભાઈ કંટારીયા, વિક્રમભાઈ ચૌહાણ, જયપાલભાઈ પરમાર, જયદીપસિંહ જાડેજા, પ્રવીણભાઈ ચાવડા, અજયભાઈ ડાભી, કિશનભાઈ ડોડીયા અને દીક્ષિતભાઈ અવાડીયાનો ટ્રાફિક શાખાના એટેચ ઓર્ડર કરવામાં આવ્યો છે.



# ગુજરાત પોલીસે ડ્રોનને બનાવ્યું હથિયાર

## ચાર મહાનગર પાલિકામાં ગુનાખોરી અટકાવવા કરાશે ઉપયોગ

રાજકોટ મિરર તા.૫

ગુજરાત પોલીસે હવે ગુનેગારોને ઝડપવા હથિયાર તૈયાર કર્યુ છે. ગુનાખોરીને અટકાવવા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. અસમાજીક તત્વોને ડામવા પોલીસનું ડ્રોન સક્રિય થશે. ગુજરાત પોલીસે પાયલોટ પ્રોજેક્ટ રજુ કર્યો છે. આ પ્રોજેક્ટનો હેતુ ગુનેગારોને ઝડપી ગુનાખોરી અટકાવવાનો છે. તેમજ પીસીઆર વાન પહોંચે તે પહેલા જ ડ્રોન ગુનેગાર સુધી પહોંચી જશે, તે હેતુથી પ્રોજેક્ટ શરૂ કરાયો છે. ગુજરાત પોલીસ ડ્રોન રાજ્યના ૪ મહાનગરોના સંવેદનશીલ વિસ્તારો નાં પોલીસ સ્ટેશનમાં આપશે. ડીજીપી દ્વારા ડ્રોનનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. પોલીસના ઉડતા અસ્ત્રથી હવે ગુનેગારો છટકી નહીં શકે.

ઘણાં સમયથી રાજ્યમાં અસમાજીક તત્વોનો ત્રાસ વધતો ગયો છે. નિર્દોષ પ્રજા તેનો વારંવાર ભોગ બનતી જોવા મળી છે, ઘણી વખત સરકારી મિલકતોને પણ નુકસાન પહોંચ્યું છે. ત્યારે ગુનાખોરીને ડામવા પોલીસે હવે નવો પ્રયોગ અજમાવ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં આવું પ્રથમ વાર હશે કે કે પોલીસ હવે ગુનેગારોને પકડવા ડ્રોનનો પ્રયોગ કરતી હોય. ડ્રોનથી અસામાજિક તત્વોને હવે ભાગવાનો પણ મોકો નહીં મળે. પીસીઆર વાન પહોચે તે પહેલા પોલીસનું ડ્રોન પહોંચશે. પોલીસને મેસેજ મળતાં જ ડ્રોન સ્થળ પર પહોંચશે.

ચાર મહાનગરોના સંવેદનશીલ પોલીસ સ્ટેશનમાં ડ્રોન અપાશે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના પોલીસ સ્ટેશનોમાં સર્વે કરાયો હતો.

માત્ર બેથી ત્રણ મિનિટમાં જ ઘટના સ્થળે ડ્રોન પહોંચશે. સંવેદનશીલ વિસ્તારોના લેન્ડમાર્ક પોઈન્ટ એડ કરાયા છે. ૪ મહાનગરોના ૩૩ પોલીસ સ્ટેશનોમાં ડ્રોન અપાશે અને ગુનાખોરી પર અંકુશ મેળવવા પ્રયત્નો હાથ ધરવામાં આવશે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં પણ પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવશે.